
# અધ્યાત્મ

વર્ષ-૫ અંક-૧૨ સપ્ટેમ્બર-૧૯૮૪



પરમ પૂજ્ય મહાત્માશ્રી યોગેશ્વરજી

# યુવાનોની અજબ ભાવના

અંબાજીમાં પૂ.શ્રીની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે આવેલ ભક્તોમાંથી મોરબીના મૂક સેવક સમા શ્રીપ્રભુદાસભાઇ હળવદિયાએ આંખમાં અશ્રુ સાથે બોલતાં કહ્યું:– પૂ.મા આપના જેવું તપ તો અમે કેવી રીતે કરી શકીએ! પરંતુ આપના ઉપવાસના એક એક દિવસ દીઠ અધ્યાત્મનો એક એક ગ્રાહક નોંધી અંજલિ આપું. એવી પ્રભુ શક્તિ આપે." શ્રીહળવદિયા ભાઈએ અત્યાર સુધી ૨૦ ગ્રાહકો તો નોંધી આપ્યા છે. કેવી અજબ જેવી ઉત્તમ ભાવના!

*  *  *

સુરતના યુવાન સાધક શ્રી હિમાંશું પાઠકે પોતાની વર્ષ ગાંઠ નિમિત્તે પૂ. માના આશીર્વાદ માંગતા પત્રમાં લખ્યું છે: "પૂ.મા, આજે મને ૨૧ વર્ષ પૂરાં થાય છે. ત્યારે સંકલ્પ કરૂં છું કે તે નિમિત્તે હું ૨૧ અધ્યાત્મના નવા ગ્રાહકો નોંધી આપીશ."

આ ભાઇએ નર્મદાયાત્રા પ્રસંગે કરેલ સંકલ્પ પ્રમાણે દસ ગ્રાહકો તો નોંધીને મોકલી આપ્યા છે.

*  *  *

રાજકોટના શ્રી અજય કલોલાએ સૌથી વધુ આજીવન સભ્યો નોંધી આપવાનો તો તેમના ભાઇ વિજય કલોલાએ જ્યોતિર્મયી વિશ્રામગૃહમાં થનાર લાયબ્રેરીમાં પૂ.શ્રીનાં બધાંજ પુસ્તકોના સેટના પૈસા આપવાનો સંકલ્પ જાહેર કર્યો.



પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. મા સર્વેશ્વરી

## કૃષ્ણને

કસોટી કરે કૃષ્ણ ! ક્યાં સુધી મારી ?
બાજી સુધારી લાજ રાખજે તારી.

મુસીબતોના પહાડો હઠાવી લેને,
પીડાના પાવકને શમાવી દેને.

મન મૂંઝાય : તને ગમે શું એવું ?
આનંદ મંગલ થાયે, કરી દે તેવું.

સર્વસમર્થ ! તારું ધાર્યું કરી દે,
કિરણો કૃપાનાં મારે મારગ ભરી દે.

મારગડે મૂકી મુજને સંતાયો શાથી ?
લેને બનાવી શીઘ્ર જીવનસાથી.

રાહ જોઉં છું લઇ પ્રેમની થાળી;
પૂજા સ્વીકારી લેને આટલી ન્યારી.

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવા જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–364 001
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| આશ્વાસન | યોગેશ્વરજી | ૩ |
| 'અધ્યાત્મ' પાંચ વર્ષ પૂરાં કરે છે | તંત્રી | ૫ |
| શ્રી યોગેશ્વરજી : એક વિરલ વિભૂતિ | રમણલાલ જોશી | ૮ |
| દાન વિષે | એક સંતના શબ્દો | ૧૩ |
| શ્રીમદ્ રાજચંદ્ર | ધૂની માંડલિયા | ૧૫ |
| જીવનનું પ્રધાનકાર્ય | સૂર્યકાન્ત લ. ભટ્ટ | ૧૯ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીનું તપ ચાલુ છે | સર્વેશ્વરી પદરેણુ | ૨૨ |
| ઘટમાળ | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| હરિ ના રાખે કોઇનું | મુકુન્દ પારાશર્ય | ૨૫ |
| અનોખી ઘટના | સત્સંગી | ૨૬ |
| શ્રી મુગટરામ મહારાજ | હર્ષદ મ. ત્રિવેદી | ૨૯ |
| આત્મનિરીક્ષણ | હરીશ વટાવવાળા | ૩૨ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૩૬ |
| નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂત મહારાજ | ડૉ. અરૂણોદય જાની | ૪૩ |
| પૂ. શ્રી છે ભક્તોની અનુભૂતિ | નારાયણ હ. જાની | ૪૮ |
| પંદરમી ઓગષ્ટના કાર્યક્રમો | ચંદ્રકાન્તભાઇ પંડ્યા | ૫૧ |
| ખાતમુહૂર્ત પ્રસંગે આવેલા સંદેશા | — | ૫૭ |
| અભિનંદનના અધિકારી | — | ૬૨ |
| સત્કર્મ–અધ્યાત્મ જીવનનો પાયો | હરિભાઈ ભોજાણી | ૬૩ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ સપ્ટેમ્બર-૧૯૮૪ અંક : ૧૨


## આશ્વાસન

પ્રસંગ સાધારણ અથવા અતિશય અસાધારણ, જેવો માનો તેવો હતો. મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટપર પોતપોતાના વ્યક્તિગત સામાન સાથે પરદેશ જવા માટે પ્રવાસીઓ એકઠા થયેલા. બધા પ્રવાસીઓ વિમાનમા બેસતાં પહેલાંની આવશ્યક વિધિ કરવા માટે ઉત્સુક હતા. પરદેશના પ્રવાસના પ્રારંભ પહેલાં પોતાના સામાનને પ્રવાસીએ જે કાઉન્ટર પર પહોંચાડવાનો હોય છે તે કાઉન્ટર હજુ બંધ હતું. ત્યાં રહીને પ્રવાસીઓને મદદ કરનારા પરિચારક નહોતા દેખાતા.

પ્રવાસીઓ ઘડિયાળ જોવા લાગ્યા.

એમણે અવારનવાર તપાસ કરી તો પણ કોઇ પ્રકારનો સંતોષકારક ઉત્તર ના મળ્યો.

વિમાન ઉપડશે કે નહિ ઉપડે તેનું સ્પષ્ટીકરણ ના કરાયું.

પૂછતાછ વિભાગના પરિચારકે જણાવ્યું કે આઠ વાગ્યા સુધી રાહ જુઓ. વિમાન કદાચ ઉપડશે.

વિમાન ઉપડવાનું નથી એ નક્કી જ હતું તો પણ એ હકીકતને ગુપ્ત રાખવામાં આવી.

છેવટે સવા આઠેક વાગે જણાવવામાં આવ્યું કે આજનું સાડા નવ વાગ્યાનું વિમાન નથી ઉપડવાનું. કદાચ કાલે ઉપડશે.

પ્રવાસીઓ નિરાશ થયા.

સૌના પૂર્વયોજિત કાર્યક્રમો ભાંગી પડયા.

કોઈએ પોતાના ગંતવ્યસ્થાન પર સુહૃદોને, મિત્રોને, પરિ-
ચિતોને ફોન કે તાર કરેલા. કોઇએ પત્રો લખેલા.

રશિયાના પ્રમુખનું શરીર શાંત થવાથી ભારતનાં કેટલાંક વિમાનોનો ઉપયોગ એમની પાસે પહોંચવા માટે સરકારી સ્તર પરથી કરવામાં આવેલો. તે દિવસનું વિમાન રદ થવાનું કારણ એટલું જ હતું.

પ્રવાસીઓ મુશ્કેલીમાં મૂકાયા.

દુઃખી થયા.

કોઇ એમના સ્વજનના સ્વર્ગવાસ પ્રસંગે જ પરદેશ જઇ રહેલા. કોઈ એવા જ અન્ય આવશ્યક કારણુસર.

કોઈ ક્રોધે ભરાઈને પેલા એર ઈન્ડિયાના પરિચારક સાથે કઠોરતાથી બોલવા લાગ્યા.

પરંતુ એ શું કરે? આદેશ ઉપરથી આવેલો. જેમની પાસે સત્તાનાં સૂત્રો હતાં, અધિકાર હતો, એમણે એમની વિપત્તિનો વિચાર નહોતો કર્યો. એમને માટે એ છેક જ સાધારણ ઘટના હતી.

પરિચારકો તો ચિઠ્ઠીના ચાકર હતા.

પ્રવાસીઓ વીલે મોઢે સામાન સાથે વિખરાવા માંડ્યા.

એમનામાં જે મજબુત મનોબળવાળા માનવ મહામાનવ હતા તેમણે જણાવ્યું કે નિરાશા થાય એ સ્વાભાવિક છે. પરંતુ નિરાશ થઈને બેસી રહેવાથી, ફરિયાદ કરવાથી, જેનો દોષ નથી એના પર દોષારોપણ કરવાથી શું વળે? ઘેર પાછા જવાનું જ છે તો બનતી સ્વસ્થતાથી જઇએ. મુસીબતમાંથી માર્ગ કાઢીએ. જે કાંઇ થયું છે તે અન્યથા થોડું જ થવાનું છે? હરિનું વિધાન હિતકારક છે એવો વિશ્વાસ રાખીએ. આજનું વિમાન તો રદ કરાયું, પરંતુ કાલના વિમાનનો લાભ લઈએ. જે થયું, થઈ ગયું છે, તેમાંથી ઠંડા મનથી માર્ગ કાઢીએ.

અન્યને એથી આવશ્યક આશ્વાસન મળ્યું. શ્રીયોગેશ્વરજી



# 'અધ્યાત્મ' પાંચ વર્ષ પૂરાં કરે છે.

તંત્રી

પરમકૃપાળુ પરમાત્મા અને પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વર-
જીની કૃપાથી, સપ્ટે. ૮૪માં અધ્યાત્મ પાંચ વર્ષ પૂરાં કરે છે.
એક માસિક માટે, સતત વધતા ભાવો વચ્ચે આમ ટકી
રહેવું આજના યુગમાં અશક્ય નહિ તો કપરું તો છે જ.
પરંતુ ગુરુદેવ શ્રીયોગેશ્વરજીની કૃપાથી આ શક્ય બન્યું
છે તે માટેનો સારોય યશ એમને ફાળે જાય છે.

પાંચમા વર્ષમાં અમારે માટે કોઇ અતિ દુઃખદ ઘટના
હોય તો પ.પૂ શ્રીની આપણા સહુ વચ્ચેથી ભૌતિક વિદાયની
છે. પરંતુ તેમાંય પ્રભુની કંઈક મંગલ ભાવના હશે, એમ
માની એને સ્વીકારી લેવી રહી.

અધ્યાત્મએ પાંચ વર્ષોમાં ટાંચાં સાધનો છતાં ધીમે ધીમે
પ્રગતિ કરી છે, એમાં શંકા નથી. પરંતુ એનો બધો યશ
અમારા ગ્રાહકો તેમજ અમારા ધ્યાન કેન્દ્રોના કાર્યકરો
વગેરેને ફાળે જાય છે.

અધ્યાત્મને પોતાનો પ્રેસ નથી. એક રહેઠાણના નાના
સરખા ઓરડામાંથી અધ્યાત્મનું સંચાલન થાય છે. એને
માટે કામ કરનાર ભાઇઓ સ્વૈચ્છિક રીતે, ભાવનાથી કામ
કરે છે. પૂ.શ્રી અને પ.પૂ.માશ્રી સર્વેશ્વરી પ્રત્યેની અખૂટ
પ્રેમ ભક્તિપૂર્ણ શ્રદ્ધા તેના પાયામાં રહેલી છે. તેજ અમારી
મૂડી અને શક્તિ છે. એ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી એનો
વિકાસ થતો રહેશે, એમાં શંકા નથી.

પૂ. શ્રી ના લીલા સંવરણ પછી અધ્યાત્મને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું સક્રિય માર્ગદર્શન, પ્રેરણા ને પ્રોત્સાહન સતત મળતું રહ્યું છે. એટલે જ જુલાઇ, ૮૪ પછી અધ્યાત્મ-ગ્રાહકોની સંખ્યામાં ઝડપથી વધારો થતો રહ્યો છે, જે આશ્ચર્યજનક છે. પૂ. માને આ કાર્યમાં યુવાન સાધકોનો પ્રોત્સાહક જવાબ મળ્યો છે. એ એક સુખદ ઘટના છે. એ સહુ ભાઇ બહેનો અભિનંદનનાં અધિકારી છે.

અધ્યાત્મ માટે અમે વિદ્વત્તાપૂર્ણ લેખોને બદલે, નાની મોટી અનુભૂતિ કે મહાપુરુષોના જીવનના પ્રેરણાત્મક પ્રસંગો-ને પસંદ કરીએ છીએ. અધ્યાત્મ કોઇ ધર્મ, સંપ્રદાય કે વાડાનું નથી. તે સહુનું છે, જે કંઇ સારૂં છે, તે અમને સ્વીકાર્ય છે. આત્માનુભૂતિના માર્ગે દોરી જતી કોઇ પણ સાધના પદ્ધતિ અધ્યાત્મનો પાયો છે. તેનો સાચો પરિચય વાંચકોને થાય, એમાંથી પ્રેરણા મેળવી માનવ આગળ વધે, એ અમારૂં દૃષ્ટિબિંદુ રહ્યું છે.

આજની દુનિયામાં વિજ્ઞાને ઘણી મોટી હરણફાળ ભરી છે, ઘણાં બધાં સુખોપભોગનાં સાધનો વધ્યાં છે. પરિણામે માણસ વધારે ને વધારે પરાવલંબી ને બહિર્મુખ બન્યો છે. ગમે તેવી આનંદપ્રમોદવાળી બહિર્મુખતા કદીય માનવને શાશ્વત શાંતિ કે સુખ આપી શકતી નથી. સાચી શાંતિ ને સાચું સુખ અંતર્મુખતામાં રહેલું છે, એ વાત માનવને યાદ કરાવવાનું અમારૂં લક્ષ છે. એમાં અમે કેટલા સફળ થઇએ છીએ, એનો નિર્ણય કરવાનું કામ વાંચકોનું છે. અમારો તો કેવળ પુરુષાર્થ જ છે.

માસિકના તંત્રી, સંપાદક કે પ્રકાશક તરીકેની કામગીરી કપરી છે. એ કામગીરી પૂરી કરવામાં ઉત્સાહી સાધક શ્રી



બાલુભાઇ જામ્બુચા, વડીલ શ્રી ભાઇલાલભાઇ છાટબાર, તેમજ ડૉ. શ્રી ઘનશ્યામભાઇ દેસાઈ, શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ વગેરે-નો ફાળો ઘણો મોટો છે.તે સહુનો હું આભાર માનું એટલો ઓછો છે.

રાધેશ્યામ પ્રેસના ભાઇઓનો સહકાર હરેક બાબતમાં સદાય મળતો રહે છે, તે અમારૂં સદ્ભાગ્ય છે. તે સહુ અભિનંદનના અધિકારી છે.

અધ્યાત્મના કાર્યમાં કદી કયાંય પણ ક્ષતિ દેખાતી હોય તો તે મારી છે. એમાં જે કંઇ સારૂં છે તે પૂ. શ્રી યોગેશ્વરજી ને પૂ. માશ્રી સર્વેશ્વરીનું છે.

## સદ્ભાવ ભરી ભેટ

સદ્ભાવભરી ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા ૧૧ શ્રી બાળાબહેન સરવૈયા મોરબી પુત્ર જન્મ પ્રસંગે.

રૂા. ૫૧ શ્રી ઠાકોરભાઇ વી. ઠક્કર વડોદરા, ગુરુપૂર્ણિમા નિમિત્તે

રૂા. ૨૫ શ્રી લવજીભાઇ જોષીની પુત્રીના લગ્ન પ્રસંગે

રૂા. ૨૧ શ્રી વર્ષાબેન આર. દવે તરફથી ચિ. અમિતના જન્મ-દિન નિમિત્તે

રૂા. ૧૧ શ્રી ભારતીબેન ગિરીશભાઈ અગ્નિહોત્રીના એસ. એસ. એસ. સી માં સારા માર્ક પ્રાપ્ત થતાં

રૂા. ૨૧ શ્રી વિઠ્ઠલભાઇના પુત્રને નોકરી મળતાં

રૂા. ૧૫ શ્રી મમતાબેન ભાટિયા આહવા-પુરસ્કારના

રૂા. ૧૦૧ ડૉ. જી. સી. પટેલની પુત્રી મનીષાના લગ્ન પ્રસંગે ભેટ.

રૂા. ૧૫૦ શ્રીમતિ મનીષા પી. પટેલને ડ્રાઇવીંગ લાઇસન્સ મળતાં ભેટ.

# શ્રી યોગેશ્વરજી : એક વિરલ વિભૂતિ

—રમણલાલ જોશી

શ્રી યોગેશ્વરજીનો દેહવિલય થતાં ગુજરાતના સંસ્કાર-જીવનમાંથી એક વિરલ વિભૂતિએ વિદાય લીધી છે. તેઓ ઊર્ધ્વપંથના યાત્રી હતા અને સ્વ-પુરુષાર્થથી અનેક સિદ્ધિ સોપાનો તેમણે સર કર્યાં હતાં. છતાં બાળસહજ નિર્દોષતા અને સરલતાને કારણે તે સૌના મિત્ર બની ગયા હતા. અતાગ સહાનુકંપાજન્ય વાત્સલ્યનો અનુભવ તેમના પરિચયમાં આવનાર સૌને થતો. આ લખનારને તેમના સ્નેહભાવનો સઘન પરિચય થયો હતો. તેઓ માત્ર ઊંચી કોટિના વકતા જ ન હતા, સામાન્ય જનતાને ધર્મજ્ઞાનનો ઉપદેશ આપનાર જ ન હતા, પણ એક સૂઝ વાળા સારા લેખક પણ હતા. પોતાનાં પુસ્તકો તે પ્રેમપૂર્વક ભેટ આપતા. લૉ કૉલેજ ગાર્ડનમાં યોજાએલા સાધના શિબિરમાં તેમની વાણી સાંભળવાનો લાભ મળેલો. એ પછી અમદાવાદમાં હોય ત્યારે શ્રી વાસુદેવભાઇ મહેતા સાથે તેમના નારાણપુરાના નિવાસ સ્થાને મળવાનું થતું.

એમનાં પૂજ્ય માતાજી જ્યોતિર્મયીનો ૧૯૮૦ માં સ્વર્ગવાસ થયો. એ વખતે તેમની ઉંમર આશરે ૭૮ વર્ષની હતી. યોગેશ્વરજીને ભાવના થઇ કે ઓછામાં ઓછાં ૭૮ કાવ્યો લખી એમના અક્ષરદેહનું તર્પણ કરું. માતાને અર્પેલી ભાવાંજલિ રૂપે ૮૧ કાવ્યોનો સગ્રહ 'તર્પણ' નામે પ્રગટ થયો. આમાંના કેટલાંક કાવ્યો તેમણે મને સંભળાવેલાં અને એના વિષે હું કાંઇક લખું એવી ઇચ્છા પ્રગટ કરેલી મેં એ સંગ્રહનો ફ્લેપ લખેલ છે. પ્રસ્તુત સંગ્રહમાં માતા સાથેના પ્રસંગોને તેમણે સરળસુંદર અભિવ્યકિત આપી છે. સ્મશાન ગૃહે અાગ્નદાહ



પછી ઘેર પાછાં ફરતાં તેમને કેવી લાગણી થાય છે? બાને વળાવીને પાછા ફર્યા એટલુંજ નહિ, પણ વાસ્તવિક રીતે તો, અમે અમને વળાવીને પાછા ફર્યા એવું લાગે છે! લાગણીની અભિવ્યકિત સચોટ અને ભાવવાહી છે.

એક રીતે આ કાવ્યો આત્મકથનાત્મક જ છે, પણ એના રચયિતા આધ્યાત્મિક પુરુષ હોઇ તત્ત્વજ્ઞાન પણ ભૂમિકા રૂપે આવે છે. પરંતુ ખાસ આસ્વાદ્ય તો છે એક પુત્રનો માતા પ્રત્યેનો અવર્ણનીય પ્રેમ. આજકાલ સ્રીપુરુષના પ્રેમ સંબંધની અનેક કૃતિઓ રચાય છે, ત્યારે કાંઇક ઓછા લખાતા વિષય પર આટલી રચનાઓ શ્રી યોગેશ્વરજીએ આપી એ માતૃપ્રેમ દૃઢાવવામાં વાચકોને પ્રેરક નીવડશે. આ સંગ્રહ એક પ્રેમાળ પુત્રે કરેલું પોતાની દિવંગત માતાનું સાહિત્યિક તર્પણ છે. 'તર્પણ' માં શ્રી યોગેશ્વરજીએ મનભરીને વાત્સલ્યરસ વહાવ્યો છે. ભાવની સચ્ચાઇ, પ્રસંગોની તાદૃશતા અને અભિવ્યક્તિની સરલતા આ પ્રેમોદ્ગારોને રોચક અને પ્રેરક બનાવે છે. શ્રદ્ધા છે કે વાચકો આ સંગ્રહમાંથી કશુંક પ્રેરક–દ્યોતક પામશે.

શ્રી યોગેશ્વરજીએ તુલસીદાસ–રચિત 'રામચરિત માનસ' નો ભાવાત્મક પદ્યાનુવાદ કર્યો છે. આ ગ્રંથનું વિમોચન તા. ૨૭ માર્ચ ૧૯૮૩ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજના સભાગૃહમાં રાખેલુ. આ સમારંભમાં પ્રસંગોચિત વકતવ્ય આપતાં મેં કહેલું કે ધર્મને લોકો સુધી લઇ જવાનું મહત્ત્વનું કામ યોગેશ્વરજીએ કર્યું છે. 'રામચરિત માનસ'નું હાર્દ ગ્રહીને તેમણે સરળસુંદર પદ્યરૂપે ઉતારી મહત્ત્વની સેવા કરી છે. યોગેશ્વરજીમાં ભક્ત અને જ્ઞાનીનો સુભગ સમન્વય થયો છે, એમની પદાવલિમાં પણ એ પ્રગટ થાય છે. ઉપરાંત તેઓ કોઈ એક સાધન પ્રણાલીનો પુરસ્કાર કરવા કરતાં બધા ધર્મોના

હાર્દરૂપ પરમ તત્ત્વના સાક્ષાત્કાર માટે વિવિધ સાધના ઉપર ભાર મૂકે છે. આ કે તે ધર્મમાં તે બંધાતા નથી પણ સર્વનો સમન્વય કરે છે. તેમની વિવિધ ધર્મશાસ્ત્રોની જાણકારી—એમની બહુશ્રુતતા એમનાં પુસ્તકોમાં જોવા મળે છે.

શ્રીયોગેશ્વરજીના ધાર્મિક અનુભવોનાં સંસ્મરણો 'શ્રેય અને સાધના' પુસ્તકમાં આપ્યાં છે. સાધનાની ઉત્કટ દશામાં તેમણે કરેલા પ્રવાસો અને અનેક સાધુ સંતોની લીધેલી મુલાકાતનું વર્ણન આ પુસ્તકમાં મળે છે. એમાં ભિક્ષુ અખંડાનંદ, સ્વામી શિવાનંદ, રમણ મહર્ષિ, મહાત્મા ગાંધીજી, મા આનંદમયી, પ્રભુદત્ત બ્રહ્મચારીજી, હનુમાનદાસજી, નેપાલી બાબા, વેદબંધુ. ચેલના મહાત્મા, હરિદાસજી આદિ સાથેના પ્રસંગો આપ્યા છે. કોઈક ગૂઢ તત્ત્વ લેખકને આંતર પ્રેરણા આપતું રહ્યું છે, તેમને વિવિધ આધ્યાત્મિક અનુભવો કરાવતું રહ્યું અને તેમ છતાં કોઈ એક સંપ્રદાય કે ધાર્મિક સિદ્ધાંતમાં તે બંધાયા નથી. પોતાની આગવી સાધન પ્રણાલી ઊભી કરી છે. હિમાલયનું તેમને અપૂર્વ આકર્ષણ રહ્યું હોવા છતાં તે ગુજરાતમાં સ્થિર થયેલા. ઋષિકેશમાં સ્વામી શિવાનંદ સાથે તેમને પત્ર વ્યવહાર થયેલો અને તેમની પૂર્વ સંમતિ વગર તે એકદમ સાધના માટે તેમની પાસે દોડી ગયેલા. સ્વામીજીએ ચાલીસમાં સ્થાયી વસવાટ માટે તેમને મંજૂરી આપતાં આનાકાની કરેલી તે વખતે તેમણે અનુભવેલા માનસિક સંઘર્ષનું નિરૂપણ અસરકારક છે. કામચલાઉ નિવાસ લેખકને આપવામાં આવ્યો અને એક રાત્રે ભજનખંડમાં તેમને સમાધિનો અનુભવ થયો અને હૃદયમાંથી સ્પષ્ટ અવાજ સંભળાયો: 'તમે નિત્ય સિદ્ધ છો, નિત્ય બુદ્ધ છો, નિત્ય મુક્ત છો. સંસારમાં ગમે તે સ્થળે જશો, ગમે



ત્યાં રહેશો, ને ગમે તે કામ કરશો, પણ માયા તમને કાંઈ નહિ કરી શકે. માયાના બંધનમાં તમે કદી પણ નહિ પડો. માટે ચિંતા કરશો નહિ. તમારી ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં વિચરણ કરો!' પછી તો સ્વામી શિવાનંદજી અને બીજાઓએ આગ્રહ કરવા છતાં તે ગુજરાતમાં આવવા નીકળ્યા. એવુંજ રમણ મહર્ષિ અને મા આનંદમયીના દર્શન પ્રસંગથી લેખકને થયું હતું. તે તે સ્થળે સ્થિર થવાની વૃત્તિ થઇ ન હતી. આ બધા સંતોની મુલાકાતો અંગે લેખકે પુસ્તકમાં અન્યત્ર કહ્યું છે તે યથાર્થ છે કે "જે જે વ્યકિત વિશેષને મળવાની મારી ઇચ્છા હતી, ને તેમની દ્વારા કૈંક સહાય મેળવવાની આકાંક્ષા પણ હતી. તે તે વ્યકિતઓના સમાગમમાં પરમ કૃપાળુ જગદંબા 'મા' એ મને લાવી મૂકયો, ને તેમ કરી પ્રત્યક્ષ અનુભવ કરવાની તક આપી, મારા મનને સર્વ પદાર્થ કે પુરુષ વ્યક્તિ વિશેષથી ઉપરામ બનાવ્યું. આમ થવાની જરૂર હતી. તેને જ લીધે આગળ જતાં હું કેવળ મારાજ પગ પર ઊભો રહ્યો, ને મારામાં જ વિશ્વાસ રાખી 'મા'ની કૃપાનો ચાતક જીવ બની રહ્યો."

બુદ્ધનું દર્શન, સમાધિનો અને ગાઢ શાંતિનો અનુભવ, પ્રભુ યોગક્ષેમનું વહન કરે છે અને અણધારી મદદ સમયસર આવી પહોચે છે એ પ્રકારના અનુભવો વર્ણવાયા છે. સર્વત્ર લેખકની જિજ્ઞાસા, ઈશ્વરી શકિતમાં અટલ વિશ્વાસ, સ્વભાવગત વિનમ્રતા, સાત્ત્વિક મનોવૃત્તિ જોવા મળે છે.

એક સંનિષ્ઠ શ્રેયાર્થીની સાધનાનો ચિતાર આપતું આ પુસ્તક એની સરળ, પ્રાસાદિક ઋજુ શૈલીને કારણે પણ આકર્ષક છે. કયારેક પ્રવાસોના વર્ણનમાં ખાસ કરીને પ્રકૃતિની

વિવિધ છટાઓના વર્ણનોમાં લેખકની શૈલી ખીલી ઊઠતી જોવા મળે છે.

શ્રીયોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' પણ પ્રેરક છે. અધ્યાત્મ ઉપરાંત તેમની દેશહિતચિંતા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ અને સ્વદેશ–વાત્સલ્ય પણ એમાં અનુભવવા મળશે. શ્રીયોગેશ્વરજીનાં પુસ્તકો સદ્‌ભાવનાને પોષક અને પ્રેરક છે. એનું સેવન સૌ અધ્યાત્મયાત્રીઓને તો પ્રેરણા આપશેજ પણ આપણી નવી પેઢીના ચારિત્ર્યનું પણ ઘડતર કરશે.

શ્રીયોગેશ્વરની પુણ્ય સ્મૃતિને આપણી ભાવાંજલિ અર્પીએ.

અવિદ્યારૂપી આવરણને ફેંકી દો. વિચાર અને બ્રહ્મ-ચિંતનમાં મનરૂપી હરણને પકડી રાખો. આત્મજ્ઞાન રૂપી હાથી પર બેસીને પરમ જ્ઞાનના સર્વોચ્ચ શિખરને સર કરો. બધાય ભ્રામક ભેદોને ભૂલી જાઓ જે અવરોધ વડે એક માનવી બીજા માનવીને પરાયો ગણે છે તેને દૂર કરો. નિરંતર આત્મચિંતન અથવા લિંગ અને શરીર રહિત આત્માપર વિચાર કરી લિંગભાવનો નાશ કરો.



# દાન વિષે

(એક સંતના શબ્દો)

આજના યુગમાં સંપત્તિવાન માણસો ઘણીવાર દાન આપે છે. એ ખરેખર સારૂં કામ છે. સત્કર્મ છે ને તેનું શુભ ફળ એમને અવશ્ય મળે છે. પરંતુ આ દાનની યોગ્ય જાહેરાત થવી જોઇએ, એવી અપેક્ષા પણ ઘણીવાર રાખે છે. અને જો ન થઈ હોય તો નારાજ થઈ જાય છે. આવી ભાવના જ્યાં થાય ત્યાં તે દાન સાત્વિક મટી, રાજસિક બની જાય છે.

દાન લેનાર માણસો, બીજાઓને પ્રેરણા મળે તે શુભ-હેતુથી તેની જાહેરાત કરે તો તે ખોટું નથી. પરંતુ દાન દેનારે એવી અપેક્ષા ન રાખવી જોઈએ.

સાચી વાત તો એ છે કે તમે દાન આપનાર કોણ! આ સઘળી સંપત્તિ એક પ્રભુની જ છે. તમને પૂર્વજન્મના કર્માનુ-સાર પ્રભુએ એમના મુનિમ બનીને સત્કર્મ કરવાની તક આપી છે. તે વાત તમે ભુલી જાઓ છો ને મુનિમ માલિક બનીને પોતાના નામે વહીવટ કરે એવી આ પ્રવૃત્તિ લાગે છે.

તમે ખરેખર જો સાચી રીતે દાન કરવા માંગતા હો, તો તે આપીને ભૂલી જાઓ. પ્રભુનું હતું ને પ્રભુની પ્રવૃત્તિ માટે આપ્યું તેમાં કોઇ મોટું કામ કર્યું નથી, એ ભાવ મનમાં રાખો.

ઘણા માણસો પોતે આપેલ દાનોની સ્મૃતિ મનમાં ઘૂટ્યાં કરે છે, વાગોળ્યાં કરે છે. એનો આના પાઇ સાથેનો હિસાબ મોઢે રાખે છે ને જ્યારે જ્યારે તક મળે, ત્યારે ત્યારે લોકોને

યાદ દેવડાવવાનું ચૂકતા નથી. એટલું જ નહિ, પરંતુ પોતાના મિત્રોએ આવી સદ્‌પ્રવૃત્તિ માટે જે કંઇ આપ્યું હોય, તેની પણ કડીબદ્ધ માનસિક નોંધ રાખે છે ને તક મળતાં તેની યોગ્ય રજુઆત કર્યાનો સંતોષ માણે છે.

આવી બધી વાતો ને વિગતોનો કચરો મનના બોજારૂપ જ છે. એનાથી માણસનું કંઇ ભલું થતું નથી. ઊલટું એ એમનું અહં પોષવા સિવાય કોઇ રીતે ઉપયોગી નથી. એવી બાબતો જીવનમાં જલ્દીથી ભૂલાઇ જવાય તેટલી ઉત્તમ છે. એનાથી માણસની નમ્રતા વધે છે ને એનું આત્મિક કલ્યાણ થાય છે. તે પ્રભુની પાસે વહેલો પહોંચી શકે છે કારણ કે પોતાને પ્રભુના હથિયારરૂપ માને છે. એટલે અહંકાર કે અભિમાનથી બચી જાય છે, મુક્ત રહી શકે છે.

—*—

ભક્તિની પ્રબળતા અને ઉગ્રતા આત્માર્પણ અને ત્યાગની ભાવનાની પરિપૂર્ણતા પર અવલંબે છે, ઘણાખરા લોકો પોતાની અનેક ઇચ્છાઓની તૃપ્તિ માટે ગુપ્ત આકાંક્ષા રાખે છે. આ એક કારણ છે કે જેને લઇને તેઓ ભક્તિમાં ઉન્નતિ સાધી શકતા નથી. કામના અને અહંકાર આત્મસમર્પણના માર્ગમાં બે મોટા અવરોધો છે.



# શ્રીમદ્ રાજચંદ્ર

ધૂની માંડલિયા

(પરમાત્માની લગોલગ ચાલી રહેલ પરમ આત્મ પ્રવાસી)

[ઓગસ્ટ, ૮૪ના અનુસંધાનમાં]

શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃત કે તત્ત્વાવબોધ જોતાં વાંચતા તેમના વાગર્થોના પરિચયમાં આવનાર નવા જિજ્ઞાસુને તો સહેજે એમ લાગે કે શ્રીમદ્ જરૂર કોઇ મોટા સાધુ–આચાર્ય હોવા જોઇએ. શ્રીમદ્ ગૃહસ્થી હતા, પણ પરમાત્માની અડોઅડ હતા, લગોલગ હતા. પૂર્વ ભવના કર્મોને સમતાપૂર્વક ખપાવવા અને નવા કર્મો બંધાય નહીં એની ક્ષણેક્ષણ જાગૃતિ રાખનાર આ જન્મના પ્રયોગવીર હતા. સામાન્ય સ્તરે વિહ-રતા જન સમુદાયથી હજારો ગણા ઉંચાઇએ એમનું આત્મ-વિહરવું રહ્યું હતું. જ્ઞાતિ, જાતિ કે પંથ–સંપ્રદાયના વાડા-માંથી જ્યારે કહેવાતા આચાર્યો, ધર્મધુરંધરો અને મહંતો બહાર આવી શક્યા નથી કે બહાર આવી શકતા નથી ત્યારે આ ગૃહસ્થ આમ પ્રબોધે છે : "તું ગમે તે ધર્મ માનતો હોય એનો મને પક્ષપાત નથી, પણ જે કાર્યથી સંસાર મળ નાશ પામે તે ધર્મ અને સદાચારનું તું સેવન કરજે". કઈ ઊંચાઇએ આ આત્મપ્રવાસીનું પદ્માસન વળ્યું હશે એ આ વચનોથી સમજી શકાય છે. પર્વતની ટોચે ઊભેલાને તળેટી-પરના ખેતરો વચ્ચેની વાડો દેખાતી નથી.

શ્રીમદ્ રાજચંદ્રે કોઇ પુસ્તક લખ્યું નથી. ભક્તોએ જ્યારે જ્યારે કંઇ પૂછ્યું તેના જવાબો તેમણે પત્રો દ્વારા ખૂબ ખાનગી રાહે આપ્યા. આ પત્રો એ જ એમનો અક્ષર દેહ,

ગ્રંથસ્થ થયું એ પણ આમ તો સમગ્ર નથી કારણ કે હાથવગું થયું એટલુંજ ગ્રંથસ્થ થયું છે. કેટલુંક મળ્યું ના હોય, કેટલુંક નાશ પણ પામ્યું હોય.

પુષ્પમાળા અને મોક્ષમાળા આ બન્ને લઘુ પુસ્તિકાઓ તમામ જિજ્ઞાસુઓએ નિયમિત રીતે સવારસાંજ પઠન-મનન કરવા યોગ્ય છે. એકજ બેઠકે લખી નાખેલ આત્મસિદ્ધ શાસ્ત્ર તો સમગ્ર જૈન દર્શનનો નિચોડ છે. જ્યારે બાપુને અત્યંત પ્રિય બનેલ 'અપૂર્વ અવસર'...પદ શ્રીમદ્‌ની અંતરંગ અભિપ્સાનો વિરાટ ફૂદકો છે. તીવ્ર મથામણ અને અંતિમપદ પ્રાપ્તિ માટેનું તેમાં પ્રબળ ઝંખન છે. આવા ગહન પદો તેમણે તેમની માત્ર સત્તર વર્ષની વયે રચેલ છે.

રાયચંદના નામે સ્કૂલમાંદાખલ થયેલ આ બાળ મહાત્માએ શાળામાં પ્રવેશ કર્યાને પુરો એક માસ પણ નહીં થયો હોય તેવામાં તેમણે હસતાં ખેલતાં આંક પૂરા કરી નાખ્યા હતા. ગોખવું એ તેશું હશે એ આપણા બાળ રાયચંદને ખબર નહોતી. માત્ર અદ્દભુત શક્તિથી બે વર્ષના જ ટૂંકા ગાળામાં એમણે સાતે ચોપડીઓ પૂર્ણ કરી. અદ્દભુત સ્મરણ શક્તિ હતી. તેમની કવિત્વ શક્તિ આઠમે વર્ષે તો મહાકવિને શોભે તેવી રીતે મહોરી ઉઠી હતી. અવનવા વિષયો (બધા જ આત્મલક્ષી) ઉપર આજ વયમાં તો તેમણે ૫૦૦૦ શ્લોકો કર્યા હતા. પંદર વર્ષની વય સુધીમાં તો જગતના તમામ પ્રમુખ ધર્મશાસ્ત્રો ઉપર એમણે એક ઉડતી નજર નાખી દીધી હતી, કારણ કે પૂર્વભવની આત્મ સમૃદ્ધિના કારણે આ બધું વાચન-શ્રવણ જન્મ સંસ્કારમાંજ વણાયેલું હતું.

સાક્ષાત્ સરસ્વતીના અવતાર સમા આ મહાપુરુષના



એક એક વચન પર એક એક ગ્રંથ લખી શકાય તેટલું તેમનાં વાણી વચનમાં અનુભવ બળ છે. પણ એ અહીંયા અશક્ય છે.

શ્રીમદ્‌ની જન્મ અને દેહોત્સર્ગની ભૂમિ સૌરાષ્ટ્રની ભૂમિ જ રહી છે. વવાણીયામાં ૧૯૨૪માં જન્મેલા મહાપુરૂષનો સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ના રોજ રાજકોટ ખાતે દેહોત્સર્ગ થયો.

આજે તો શ્રીમદ્ રાજચંદ્રના દેશ-વિદેશમાં લાખો ભકતો છે. આત્માની વાત ઉપર જ જોર આપનાર આ દિવ્ય પુરુષના સંદેશાને નિત્ય વિચારવા માટેના ક્ષેત્રોની સંખ્યા પણ દિનોદિન વધતી જાય છે. સાબરકાંઠાના ઇડર ગામ પાસેના ઘેટિયા પહાડ પર (જ્યાં શ્રીમદે સપ્ત સાધુઓની સાથે આત્મલક્ષી વિચારણા કરી હતી), શ્રીમદ્ રાજચંદ્રનો સુઘડ અને રમણીય આશ્રમ વિદ્યમાન છે. આ ઉપરાંત ખંભાત પાસે વડવા અને અગાસ ખાતે પણ તેમના આશ્રમમાં સાધકો આત્મસાધના સતત કરતા રહે છે.

તાજેતરમાં જ અમદાવાદથી માત્ર ૧૨ કિલોમીટર દૂર એવા કોબા નામના ગામમાં પણ શ્રીમદ્ રાજચંદ્રના પરમ ઉપાસક અભ્યાસી અને સતત જાગૃત એવા ડૉ. સોનેજીની પ્રેરણાથી અને માર્ગદર્શનથી અધ્યાત્મ આશ્રમ આકાર લઈ રહેલ છે. સેંકડો મુમુક્ષો અમદાવાદથી કોબા ડૉ. સોનેજી (શ્રી આત્માનંદજી)ની વાણીનો લાભ લે છે.

બ્રહ્મલીન પૂ. યોગેશ્વરજી મહારાજે અને તેમની સાથે રહેતાં માતા પૂ. સર્વેશ્વરજીએ પણ તેમના સતત યાત્રા અને

પરિભ્રમણ દરમિયાન ગુજરાત અને અન્ય પ્રદેશમાં શ્રીમદ્ રાજચંદ્રની આત્મ તાલાવેલી વિશે પ્રસંગોપાત વ્યાખ્યાનો આપ્યાં છે. પૂ. યોગીશ્વરજી સ્વયં કવિત્વ પ્રતિભા ધરાવતા હતા. આમ બન્ને આર્ષદૃષ્ટાનું કવિત્વ એક બીજાની નિકટતા-ના સેતુરૂપ હતું.

આજે નહીં તો, આવતી કાલે નહીં તો ક્યારેક પણ જેઓને આત્મમાર્ગના અચલ પ્રવાસી બનવું છે, તેઓને પરમાત્માની લગોલગ ચાલવા માટે શ્રીમદ્ રાજચંદ્રે પોતાના આત્મ અનુભવથી પાડેલી શાશ્વત કેડીઓ પર જ યાત્રા આરંભવી પડશે. આત્માને જાણવાની ગુરૂચાવી શ્રીમદ્ રાજચંદ્ર છે. ત્રણે કાળમાં, ત્રણે લોકમાં એક યા અન્ય સ્વરૂપે શ્રીમદ્નો સાક્ષાત્કાર એ અન્ય અર્થમાં આત્માનો સાક્ષાત્કાર બનશે.


વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# જીવનનું પ્રધાનકાર્ય


પ્રવક્તા : પૂ. ડા. સ્વામી

રજૂઆત : સૂર્યકાન્ત લ. ભટ્ટ.


દૃષ્ટાંત તરીકે આપણાં કોઈ સંબંધી બિમાર છે. તેવા ખબર આપણને મળે તો આપણે જુદી જુદી રીતે વિચાર કરીશું-પત્ર લખી ખબર પૂછાવીએ, ફોન કરીને પૂછાવીએ, રૂબરૂ જઈને ખબર અંતર પૂછીએ-જરૂર પડે તો તાત્કાલિક ખર્ચ કરી વાહન લઈને જઈએ-આ બધામાં આપણો સમય ધન વપરાશે. ધંધો બંધ રહેશે-ખોટ જશે. પરંતુ બિમાર વ્યક્તિ આપણી સંબંધી છે માટે આપણે બધું જ સહન કરીને પણ જઈએ છીએ. તો ઈશ્વર તો આપણો શ્રેષ્ઠ સંબંધી છે. પર-બ્રહ્મ પરમાત્માજ આપણું છેવટનું શરણ છે અને તેને મળવાનું કાર્ય ગમે તેટલો નફો છોડીને પણ કરવાનું જરૂરી બને છે. અને તેનું કાર્ય એટલે (૧) વ્યસન છોડવાં-ન હોય તો તે ભાવનાને દૃઢ કરવી અને કરાવવી. (૨) રોજ દેવસેવા અને નિયમ મુજબ- ભલે એકજ-માળા કરીને પછી જ પાણી પણ લેવું. (૩) સત્સંગની સભા-જે મુકરર સમયે-નિયત કરેલ સ્થળે-સમયે રાખી હોય ત્યાં અચૂક જવું. (૪) પોતાની આવકનો દસમો કે વીસમો ભાગ પ્રભુનાં કાર્યમાં વાપરવો. (૫) આપણાં સ્થૂળ દેહનાં માબાપ-જે આજે છે અને પહેલાં નહતાં અને હવે પછી ન પણ હોય, પરંતુ ઇશ્વર આપણાં પ્રથમ માતાપિતા છે-પહેલાં પણ હતાં અને હવે પણ હશે અને તેથી તેમનામાં આસ્થા રાખતાં દરેક સત્સંગીઓ આપણો સાચો પરિવાર કહેવાય. માટે તેમના પર પ્રેમભાવ રાખી

તેમને યથાશકિત ઉપયોગી થવું. આટલું કાર્ય કરીએ તો તે ભગવાનનું કાર્ય-મોક્ષનું કાર્ય થયું ગણાય. મોક્ષ માટે સાધુ થવાની, વેષ, બદલવાની કે સંસારના બીજા સંબંધો તોડી નાંખવાની જરૂર નથી, અને દરેક સાધુ થઇ શકતા નથી. તમે ખેતી કરતાં હો-વેપાર કરતા હો કે નોકરી કરતા હો તે ચાલુજ રાખો પરંતુ મારૂં આ કાર્ય મને સોંપેલ છે અને મારી શ્રેષ્ઠ શકિતથી આ કામ કરીશ તેવી સમજ સાથે કાર્ય કરો. કાર્યના કર્તાપણાનું અભિમાન છોડો. મકાન-દુકાન કે ધન તમારૂં છે તેનો દસ્તાવેજ ભલે તમારે નામેજ રાખો, પરંતુ મનમાં એક વસ્તુ નોંધી રાખો કે આ કોઈ વસ્તુ તમારી સાથે આવવાની નથી-પ્રભુએ જે સારી-નરસી સ્થિતિ આપી છે, તે પણ સદાય સરખી કે સાથે રહેવાની નથી. પરંતુ પ્રભુસ્મરણ-સત્સંગ-અને સત્કાર્યોમાં જે સમય-ધન વાપરશો તે તમારી સાથે આવશે; આટલું સમજીને કાર્યો કરશો તો પ્રભુ રાજી થશે અને અચૂક મોક્ષ મળશે શરત છે દિલનો દસ્તાવેજ પ્રભુના નામનો કરી દો-ધન, ધરા અને રમાને તમારે છોડવાનાં જ છે. નહીં છોડો તો પણ છૂટી જવાનાં છે. અહીંજ રહેવાનાં છે. અને સાથે આવશે મહારાજનું નામ અને તેને માટે ખર્ચેલ-પરોપકાર માટે ખર્ચેલ ધન અને સમય.

આ છે મોક્ષ મેળવવાનો રાજમાર્ગ-તમારે ચાલવાનું તો છે જ સીધે રસ્તે ચાલો કે આડે રસ્તે. દરેક જીવની ગતિ તો છે જ. પ્રગતિ પણ અને દુર્ગતિ પણ. તમારે કઇ તરફ ગતિ કરવી છે તે નક્કી કરો. એટલે વિષય-વિકાર-અહંકાર માયા-મમતાના આડમાર્ગો છોડીને મહારાજે બતાવેલ રાજ-માર્ગ પર ચાલશો તો મોક્ષ અચૂક મળશે અને તે માટે સદ્ગુરુના, સંત પુરૂષોનાં વચનમાં વિશ્વાસ રાખો. સંત પુરૂષો પર પ્રેમ રાખો-પ્રેમ વિના વિશ્વાસ નહીં અને વિશ્વાસ



વિના મોક્ષ નહીં. દેખીતી રીતે-સ્થૂળ રીતે કદાચ આમાં તમને કશું નહીં મળે અને કદાચ ગુમાવાનું પણ હશે. સત્સંગમાં જાવ તેટલો સમય તમે ખર્ચશો અને ધન વાપરશો તે અન્યની દૃષ્ટિએ કદાચ ગુમાવ્યું પણ કહેવાય. તમારૂં કહે-વાય તે ભૌતિક રીતે કહેવાય. તે તમારે આપવું પડશે-ખર્ચવું પડશે. પરંતુ સૂક્ષ્મરીતે-લાંબે ગાળે જે શાંતિ મળશે તે અણુમોલ અવિનાશી અને અખંડ હશે. તેજ સદા સાથે રહેશે. બીજાં કરોડ કામ કર્યાં હશે તે અહીં પડયાં રહેશે, નષ્ટ થશે, કલેશ કરશે, પરંતુ આ એક મોક્ષનું કાર્ય કર્યું હશે, તો તે નિત્ય સાથે રહેશે, આનંદ આપશે અને આનંદ સ્વરૂપ પરમાત્માનો મેળાપ કરાવી મોક્ષ આપશે. આજ દરેક સાધક-નું-સત્સંગીનું કે દરેક જીવનું શ્રેષ્ઠ જીવન કાર્ય છે.

નોંધઃ-પૂ. ડૉકટર સ્વામીની મૌખિક સંમતિ મેળવી તેમના પ્રવચનનો ટૂંક સાર આપેલ છે. આમાં જે શ્રેષ્ઠ છે તે તેમનું છે અને ત્રૂટી જણાય તે મારી છે. —સુ. લ ભટ્ટ

મન, વચન અને કર્મથી અહિંસા અને બ્રહ્મચર્યનું પાલન કરો. સરળતા કેળવો. સર્વ તરફ સમભાવ રાખો. હંમેશ પ્રસન્નચિત્ત રહો. શુદ્ધ ભાવ રાખો. સ્વચ્છતા રાખો. ત્રણ પ્રકારનાં શારીરિક, વાચિક અને માનસિક તપનો અભ્યાસ કરો. તમારા કાર્યો પર પૂરેપૂરું નિયંત્રણ રાખો.

# પૂ. મા શ્રી સર્વેશ્વરીનું તપ ચાલુ છે.

—સર્વેશ્વરી પદરેણુ

પૂ. મા શ્રી સર્વેશ્વરીનું તપ હજી ચાલુજ છે, અખંડ, એકધારૂં. એમાં ફક્ત થોડો ફેરફાર એટલો થયો છે કે છેલ્લા ત્રણ માસ દરમ્યાન પૂ. મા દૂધ, દહીં કે છાશ લેતાં ન હતાં, તે હવે પ. પૂ.શ્રીની આજ્ઞા પ્રમાણે તા. ૧૯/૮ થી દિવસમાં એકવાર લગભગ ાા ગ્લાસ દૂધ ને એટલુંજ પાણી લે છે. ફળફળાદિ કે બીજું કશું લેતાં નથી.

પૂ. માના તપ વિષે લખતાં હવે મારો હાથ પણ ધ્રૂજે છે, હ્રદય વ્યથા અનુભવે છે. પરંતુ આટલા બધા ઉપવાસો દરમ્યાન પણ મા ખૂબ પ્રસન્ન ને સ્ફુર્તિમાં છે. એમનામાં જરા પણ આળસ, પ્રમાદ થકાવટ કે શિથિલતા જણાતાં નથી, તેમજ નથી જણાતી નિરાશા કે હતાશા. ઉપવાસોના પ્રારંભમાં એ જેવાં ઉત્સાહી હતાં, તેવાંજ આજે પણ છે. વાત વાતમાં કહે છે પણ ખરાં કે "પ્રભુને આપણી જાત સોંપી દીધી પછી ચિન્તા શાની ? એને આ શરીર મારફત કાર્ય કરાવવું હશે તો ટકાવશે, નહિ કરાવવું હોય તો લઇ લેશે." કેવી અદ્દભુત શ્રદ્ધા ! કેવો અટલ વિશ્વાસ !

પૂ. મા પોતાના વ્રતના નિયમોમાં પણ ખૂબ ચોક્કસ ને સ્પષ્ટ હોય છે. નિયમ પ્રમાણે ને નિયત સમયેજ પાણી કે દૂધ લેવાનું અને તે પણ નક્કી કરેલ પ્રમાણમાંજ. પૂ. માને ૧૫૭ મો ઉપવાસ હતો. તે દિવસે અમે અંબાજીથી જીપમાં ખેડબ્રહ્મા માતાજીના દર્શને ગયા. ત્યાં પૂ શ્રીના ફોટા આગળ એક ભાવિક બહેને ગંગાજળ ધરાવ્યું અને પૂ. માને તે લેવા



વિનતી કરી. ગંગાજળ તો બે રૂપિયાભાર હતું. એ બેનના પ્રેમ અને આગ્રહને વશ થઇ પૂ માએ એ પવિત્ર ગંગાજળ લીધું, પરંતુ તે પછી રોજના નિયમ પ્રમાણે સાંજે જે અડધો ગ્લાસ પાણી લેતાં, તેની ના પાડી દીધી. એ જોઇ અમને દુઃખ થયું. પરંતુ પૂ. માએ કહ્યું: પાણી એકવાર એટલે એકજવાર લેવાય, પછી તે એક ઘૂંટડો લઇએ કે નિયમ પ્રમાણનો અડધો પ્યાલો. એમાં બાંધછોડ ન ચાલે.

પૂ.માનો પ્રેમ પણ અનોખો છે. ખેડબ્રહ્મામાં એક પરબ ઉપર પાણી પાવાનું કામ કરતી બહેનનો ભાવ જોઈ પૂ મા તેની નાની સરખી અંધારી ઓરડીમાં પણ ગયાં. એટલુંજ નહિ, પરંતુ એ બહેને સાથે આવનાર સાત આઠ સાધક બહેનો માટે દૂધ તૈયાર કરેલું તે સહુને આપ્યું અને પૂ. માને લેવા વિનંતી કરી. પૂ મા એ બેનનો શુદ્ધ, નિર્મળ પ્રેમભાવ જોઇ બોલ્યાં, "ભલે એ દૂધ રહેવા દો અમે સાથે લઇ જઇશું ને મારા સમયે હું તે લઇશ."

અમારી પાસે તે વખતે દૂધ લઇ જવા માટે વાસણ ન હતું. તો પૂ. માએ કહ્યું "બજારમાં જઇ બે સ્ટીલના નાના લોટા ખરીદી લાવો." એટલે અમે તે લઇ આવ્યા. એમણે તેમાંનો એક લોટો પેલી બેનને પ્રેમથી સ્મૃતિ તરીકે ભેટ આપ્યો. બીજામાં પેલું દૂધ ભરી લીધું સાંજે દૂધ લેવાના સમયે, પૂ.શ્રીની આજ્ઞા મળતાં એ દૂધ પૂ. મા એ પીધું. એ સાંભળી અમને યાદ આવી ગયું:

"સબસે ઊંચી પ્રેમ સગાઈ,
દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર પાઇ,–સબસે ઊંચી

*

## ઘટમાળ

અહો ! શી ભવની આ ઘટમાળ !
માયાની મધલાળ ! ...અહો ! શી

એક આંખમાં ચાંદની ચમકે
અન્યે અગનઝાળ !
રસના-વેલે ખરતાં ફૂલડાં
ઉર-શગડી અંગાર !
માનવ-મનની કેમે ન લાધે
કોઈને અસલ ભાળ ! ...અહો ! શી

ક્ષણ ક્ષણ ફૂંફવે શિરની ઉપર
સ્વયં ફણીધર કાળ !
સંસારને મધપુડે લેલીન
મક્ષિકા માનવ-બાળ !
મીઠા ઝેરનો ભેદ ન જાણે
જાણે અમૃત-ધાર ! ....અહો ! શી

શ્રેય-પ્રેયના ભેદ ન સમજે
ભજવે ક્ષરની લીલા !
અન્ત સમે અક્ષરની ઓળખ ?
વાગે કાળના ખીલા.
મત્ત મદિરા, જીવ ચકચૂરા !
સમજે ન આતમ -સાર
માયાની મધલાળ ...અહો ! શી

ડૉ. રણજિત પટેલ (अनामी)



## હરિ ના રાખે કોઈનું

એને ઉંબરે ધરી મેં મૂઠી ધાનની
એણે અભરે ભર્યાં રે ભંડાર,
હરિ ના રાખે કોઈનું.

મેં તો મંદિરે વાળેલાં પગથાં કોક દી,
એણે વીમળાવ્યો સળંગ વહેવાર.
હરિ ના રાખે કોઈનું.

મેં તો મંદિરે મૂકયું કંપિત કોડિયું,
એણે પેટાવી અંતર દીપમાળ.
હરિ ના રાખે કોઈનું.

ટાણેકટાણે ઘડીક મેં સંભારિયા,
નિશદિન સંભાળ્યો સ્નેહે સંસાર.
હરિ ના રાખે કોઈનું.

શબરી, સુદામા, પાંચાળી, ગજને જઈ પૂછો,
શાખ દેશે 'છે અનુભવનો ઉદ્‌ગાર.'
હરિ ના રાખે કોઈનું.

એને પાયે હું નમેલો મૂંગો અધ ઘડી,
એ તો ખડે પગ ભવભવના આધાર.
હરિ ના રાખે કોઈનું.

—મુકુન્દ પારાશર્ય

# અનોખી ઘટના

સત્સંગી.

તા. ૧૭ ઓગસ્ટના રોજ હું અંબાજીના પંચાલ વિશ્રાંતિ-ગૃહમાં બેસી મારૂં લેખન કાર્ય કરી રહ્યો છું. સમય લગભગ સાંજના પાંચ વાગ્યાનો છે. ત્યાં એક ભાઇએ આવી કહ્યું "પાલનપુરથી એક ભાઇ અને એક બહેન પૂ. માના દર્શને આવ્યા છે. બોલાવું!

મે કહ્યું: જરૂર બોલાવો.

તેઓ બન્ને મારા રૂમમાં આવી બાજુના પલંગ ઉપર બેસે છે. શ્રીવિજયભાઈએ બેનનો પરિચય આપે છે. તેમનું નામ હસુમતીબેન ગાંધી છે ને અધ્યાત્મનાં ગ્રાહક છે. હું પૂછું છું: "મા. અહીં છે એ સમાચાર તમને ક્યાંથી મળ્યા!

તે બહેન પોતાની વાત આ પ્રમાણે કહે છે:– પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના ખાતમુહૂર્તની આમંત્રણ પત્રિકા મને મળી હતી. પરંતુ તા. ૧૫મીએ મારાથી આવી ના શકાયું. પરંતુ આજે બપોરે હું સૂતી હતી, અને મને એક એક ધ્વનિ સંભળાયો કે 'મા'ના દર્શને આવ'. આથી હું એકદમ ઊઠી ગઈ ને મારા પતિદેવને કહ્યું કે ચાલો, આપણે અંબાજી મા સર્વેશ્વરીના દર્શને જઇએ. તેમણે સંમતિ આપી એટલે અમે અહીં આવ્યાં. અમારે પૂ.માશ્રી સર્વેશ્વરીનાં દર્શન કરવા હતાં. અહીં તેમને લોકો ઓળખતાં હશે કે કેમ, તેની જાણ મને ન હોવાથી મેં ઓગસ્ટ માસનું અધ્યાત્મ સાથે લીધું. તેમાં પૂ.માનો ફોટો છે. એટલે બતાવવા થાય કે મારે આ માનાં દર્શન કરવાં છે.'



"પરંતુ અહીં આવ્યા કેડે શ્રી અંબિકા ભુવનમાં તપાસ કરી તો ત્યાંના માણસોએ કહ્યું કે સર્વેશ્વરીમા અહીં તા. ૧૫મીએ હતાં, પરંતુ હાલ તેઓ નથી; ચાલ્યાં ગયાં છે."

એ હકીકત સાંભળી મને ભારે નિરાશા થઇ; દુઃખ પણ થયું. વળી મનમાં થયું "માએ શું ખોટો આદેશ આપ્યો હશે!"

એ પછી હું ને મારા પતિદેવ પાલનપુર પાછા ફરવા માટે બસ સ્ટેન્ડે આવ્યાં. પરંતુ કુદરતને કરવું કે મારા પતિદેવને સંડાસ જવાનું થયું, એટલે થોડીવાર ફરજિયાત રોકાવું પડયું. ત્યાં અચાનક બસસ્ટેન્ડ ઉપર મારી નજર શ્રી વિજયભાઈ પુરોહિત ઉપર પડી. તુરતજ મને થયું, વિજયભાઇ અહીં છે, તો 'મા' જરૂર અહીંજ હોવાં જોઇએ. એટલે મેં તેઓને બૂમ પાડી.

એમણે કહ્યું: મા અહીંજ છે. એમનો ઉતારો સરકારી વિશ્રાંતિ ગૃહમાં છે.

એ સાંભળી મને ખૂબ ખૂબ આનંદ થયો. મારા પતિદેવ આવ્યા ત્યારે મેં તેમને કહ્યું "ચાલો, મા અહીંજ છે. આપણને એમનાં દર્શન થશે." એટલે અમે બન્ને પૂ.માના દર્શન માટે આવ્યાં છીએ. સાંજે સાડા સાત પહેલાં અમારે પાછાં ફરવું છે. પછી બસ નથી.

તે બહેનની ભાવના જોઈ મને આનંદ થાય છે. તેમને પૂ. માના ઉપવાસોની જાણ છે. એટલે તેઓ પૂ. માના સ્વાસ્થ્ય વિષે સચિંત છે.

પૂ. માની સાધના અને પૂ. શ્રીના જીવનના કેટલાક પ્રેરક

પ્રસંગોની હું તેમને વાત કરું છું. તે પછી શ્રી વિજયભાઇ તેઓને પૂ. માના ઉતારે લઇ જાય છે.

પૂ. માના બંધ ઓરડામાં ચીઠ્ઠી મૂકી તેઓ આ બન્નેના દર્શનની ઇચ્છાની જાણ કરે છે. પૂ. 'મા' તેમને પ્રેમપૂર્વક આવકારે છે ને કલાકેક તેમની સાથે સત્સંગની વાતો કરે છે.

એ બહેન જ્યારે જતી વખતે પૂ. માને વંદન કરે છે, ત્યારે ભાવવિભોર બની જાય છે ને તેમની આંખમાંથી હર્ષાશ્રુ ટપકી પડે છે. પૂ. માની અહેતુકી કૃપા જાણે ઉપર વરસી રહી છે, એમ એ અનુભવે છે.

કોઈ સરળ દિલનાં પ્રેમી સાધકભાઈ બહેનોને મા જગદંબા કેવો અદ્દભુત અનુભવ કરાવે છે, તેની પ્રતીતિ મારું દિલ કરી રહે છે.


પ્રચંડ આવેગ અને તરંગી વૃત્તિઓને શાંત કરો. જ્ઞાની બનો. સાવધાન રહો, સાંસારિક બુદ્ધિવાળા મનુષ્યોથી દૂર રહો.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦




# શ્રીમુગટરામ મહારાજ

હર્ષદ મ. ત્રિવદી

વડોદરા નજીક આવેલું મંજુસર ગામ ત્યાંના ત્રણ સિદ્ધ મહાત્માઓના ગામ તરીકે પંકાયેલું છે. એ ત્રણમાં પહેલા ક્રમે આવે દાજીરામ મહારાજ. દાજીરામ ગૃહસ્થ છતાં સાચા અધ્યાત્મરંગી હતા. એક વાર બપોરના સમયે કૂવેથી પાણી ભરીને ઘરે પાછાં ફરતાં તેમનાં શ્રીમતીને ગામમાંથી નિર્મુખ પાછા ફરતા એક અવધૂત સામા મળ્યા. સંસ્કારવશ પૂછ-પરછ કરતાં તેમને જાણ્યું કે અવધૂતને ગામમાંથી ભિક્ષા નથી મળી. તેમણે એ અવધૂતને પોતાને ઘરે ભિક્ષા માટે નિમંત્ર્યા. અવધૂતે અંતર્યામિત્વથી ઘરમાં જે કંઇ ખાવાનું વધ્યું હોય તે જાણી લઇને, તે જ પીરસવા અને બીજું કશું ન રાંધવા સૂચવ્યું. ભિક્ષાથી પ્રસન્ન થયેલા અવધૂતે દાજીરામને દીક્ષા આપી તથા પોતાના નિત્ય સૂક્ષ્મ સાન્નિધ્યનો સધિયારો આપ્યો. ગામમાં આવી ચઢેલા સાધુસંતોને જમાડવા માટે સદાવ્રત શરૂ કરવાનો પણ તેમણે અનુરોધ કર્યો. ગરીબીનો વિચાર કર્યા વિના, સદ્દગુરુ અને ઇશ્વરનો ભરોસો રાખીને દાજીરામે સદાવ્રત શરૂ કર્યું. ગુરુકૃપાથી તથા ગાયત્રીની અનન્ય ઉપા-સનાથી તેમનામાં અવનવી શક્તિઓ પ્રગટી. તેમના ભક્તોને તેમની શક્તિના આશ્ચર્યકારક અનુભવો થયા છે.

મુગટરામ મહારાજ દાજીરામના ભાણેજ થાય. એક વાર વરસાદના દિવસોમાં દાજીરામે બાલક મુગટરામને પોતાના ખેતરની ભાળ કાઢવા મોકલ્યા. ખેતરની તૂટેલા શેઢાવાળી જગ્યાએથી ધસમસતા પાણીના પ્રવાહ આડે મુગટરામ સૂઇ ગયા. મોડે સુધી ભાણેજ ઘરે પાછો ન ફરતાં મામાને ચિંતા

થઈ; તેમણે ભાણેજની તપાસ કરાવી અને તેઓ ભાણેજની કર્તવ્યનિષ્ઠાથી ભાવવિવશ થઇ ગયા. પેટનાં સંતાનો કરતાં પણ અધિક પાત્રતા જોઇને દાજીરામે મુગટરામને ગાયત્રી ઉપાસનામાં પ્રેર્યા. દાજીરામે દેહ છોડતી વખતે મુગટરામને પાસે બોલાવીને, તેમના પર જળની અંજલિ છાંટીને ઉચ્ચાર્યું "ચલ જા, માયા!" અને દાજીરામની સર્વ સિદ્ધિઓ મુગટરામમાં સંક્રાન્ત થઇ. આ રીતે મુગટરામ પોતાના તથા સદ્‌ગુરુના એમ બેવડા તપના તેજથી સંપન્ન બન્યા.

દાજીરામની પ્રણાલિકાને મુગટરામે અનુસરવાનું ચાલુ રાખ્યું. અનેક લોકો સાંસારિક મુશ્કેલીઓ નિવારવા તેમની પાસે આવતા. મુગટરામ તેમને યોગ્ય માર્ગદર્શન આપતા. તેઓ કહેતા કે બ્રાહ્મણ માટે ગાયત્રી જેવું બીજું કોઇ સાધન નથી. પોતાના જેવો મામૂલી બ્રાહ્મણ સુપેરે ઘર-સંસાર ચલાવી શકે છે અને અભ્યાગતોની પૂરી આગતા-સ્વાગતા કરી શકે છે તે બધી ગાયત્રી માતાનીજ કૃપા છે. એમ તેઓ કહેતા. કયા દિવસે કેટલા માણસો તેમની પાસે આવવાના છે તે તેઓ અંતર્યામિત્વથી જાણી લઇને સવારથી જ તેમના ભોજનનો પ્રબંધ પોતાને રસોડે કરાવતા. તેમનાં શ્રીમતી સૂરજબા ધર્મિષ્ઠ અને પતિના કાર્યમાં સહકારશીલ હતાં. તેમનામાં પણ દિવ્ય શકિતઓ પ્રગટ થઇ હતી.

મુગટરામનું લીલાચરિત્ર જોઇને કોઇપણ માણસ બોલી ઊઠે કે તેઓ હરતાફરતા ભગવાન હતા. અંતકાળે તેમણે સ્વ-મુખે કહેલું "હું તો નિત્યમુકત છું. કેટલાક જીવોને નિમિત્તે જ મારે આવવું પડયું હતું." તેઓ ભૂત-ભવિષ્ય-વર્તમાનને જોઇ શકતા હતા. તેમની વચનસિદ્ધિ ગજબની હતી. જો કોઇ મુલાકાતી પોતાનાં દિવંગત સ્વજનોની મરણોત્તર સ્થિતિ વિષે જાણવા ચાહતો તો તેઓ તેને તે અંગે પણ પૂરી માહિતી



આપતા. રસ્તે ચાલતાં માર્ગમાં આવતી ભિન્ન ભિન્ન વનસ્પતિના ઔષધીય ગુણો સ્વતઃ સૂક્ષ્મરીતે તેમના ખ્યાલમાં આવી જતા. અધરસ્તે બગડેલા યંત્રવાહનને દુરસ્ત કરતાં ચાલકને જ્યારે નવનેજા થાય ત્યારે મુગટરામ તેને યંત્રમાં કયાં ખામી છે તે સચોટપણે બતાવી દેતા. મુલાકાતે આવેલા બિનગુજરાતી લોકોની ભાષાને પણ તે સહજસ્ફુરણાથી સમજી લેતા. ઝેરી જાનવરના ડંખનો ભોગ બનેલાંઓને તેમણે ઊગાર્યાં હતાં. દ્વેષથી પ્રેરાઇને કોઈ કુટિલ માણસે તેમને ઝેરી લાડુ ખવડાવેલા તે પણ તેમણે યોગબળથી પચાવેલા. કુદરતનાં તત્ત્વો પર તેમને પૂરો અધિકાર હતો. વરસાદ વિના ટળવળતા મંજુસર-માં એમણે ગામલોકોની વિનંતિથી એકવાર વરસાદ વરસાવેલો. વલસાડના દરિયાકિનારે તેમણે એકવાર પ્રભુના નામની આણ આપીને ભરતીનાં મોજાંને ચાલીસથી પચાસ ફૂટ પાછાં વાળેલાં—અશ્રદ્ધાળુ વિવાદખોરોને ઇશ્વરની શકિતની ખાત્રી અપાવવા તેમણે એમ કરેલું. એકવાર ભરબપોરે ગાડામાં બેસીને તેઓ પિલોઃલ સ્ટેશને જતા હતા ત્યારે એક ભકતે તેમને માથે છત્રી ધરી હતી. મુગટરામે તેને છત્રી બંધ કરવા જણાવ્યું ને કહ્યું "જેને કાળજી લેવાની છે તે લેશે." અને તરત માથે વાદળ ઘેરાયું અને તે છેક સ્ટેશને પહોંચતાં સુધી રહ્યું. સયાજીરાવ મહારાજા પણ અડીઓપટીની વેળાએ તેમની આદરપૂર્વક સલાહ માંગતા.

ત્રિકાલ સંધ્યા, દેવોપાસના, વૈશ્વદેવ, ગાયત્રીજપ અને અતિથિસત્કાર એ પંચકર્મોને તેઓ નિયમિતપણે આચરતા. તેમના ભકતો તેમને શંકરનો અવતાર ગણતા. ગાયત્રીઉપાસના-થી તેમના જેવું જ સામર્થ્ય પ્રાપ્ત કરનાર તેમના પુત્ર ગિરજાશંકર મહારાજ તેમના ભકતોમાં વિષ્ણુના અવતાર તરીકે જાણીતા હતા. ☼

# આત્મનિરીક્ષણ

હરીશ વટાવવાળા

પ્રજ્વલિત આત્મા અથવા શુદ્ધ ચૈતન્ય અથવા ઈશ્વર, કે જે આપણે જ છીએ. તેની વચ્ચે જડ શરીરમાંનો ખોટો અહમ્ અદેહી પીશાચની જેમ ઓગળી ગયો છે અને અકળ 'નામ' અને 'રૂપ' ના બાહ્ય જગતમાં પોતાની માન્યતા મુજબના સુખના ઉપદેશની પૂર્તિ માટે સતત ફાંફાં માર્યા કરે છે. જો આત્મનિરીક્ષણ કરવામાં આવે તો અહં દૂર થઇ જાય છે, આત્માની ઓળખ થાય છે અને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

આત્મનિરીક્ષણ એટલે 'સ્વ' ની શોધ, આત્મપરીક્ષણ, 'સ્વ'ની ઓળખાણ, જાતની ઓળખાણ. 'હું કોણ છું ?' તેના જવાબની શોધમાં 'સ્વ' સાથે વાર્તાલાપ અને 'સ્વ' સાથે એકાંતમાં વાર્તાલાપ કરવા માટે ચિંતન જરૂરી છે, ધ્યાન જરૂરી છે. ધ્યાન થાય તો 'જ્ઞાન' મળે અને જ્ઞાન મળે તો 'સ્વ'ની ઓળખાણ થાય. અને 'સ્વ'ની ઓળખ થાય તો આત્માનો પરમાત્મા સાથે સેતુ રચાય અને સેતુ રચાય તો પરમાત્મા થવાય, પરમાત્મામાં એકરૂપ થઇને.

ચિંતન જેવી કોઇ સરળ બાબત નથી. હકીકતમાં જે વાસ્તવિક છે તેને આપણે વાસ્તવિકતા સમજીએ છીએ. આ ખોટી વાસ્તવિકતાના પરિત્યાગમાં જ સાચો સાક્ષાત્કાર છે. પછી તો કંઇ જ નવું શોધવાનું કે મેળવવાનું નથી. આત્માની ઓળખાણ થાય તો 'લખ ચોર્યાસી' નો ફેરો ટળે.



'હું કોણ છું ?' એ પ્રશ્નના જવાબમાં જો અંતરાત્મા કહે કે, 'મારા માટે.' ત્યારે જ 'હું કોણ છું ?' એ વિશે જાત સાથે પૃચ્છા કરો અને ત્યાંજ અટકી જાવ. આ માત્ર વ્યાખ્યા જ નથી, પરંતુ તેનો હેતુ તો સમગ્ર મનને તેના મૂળ પરત્વે કેન્દ્રિત કરવાનો છે, કે જેથી વિક્ષેપાત્મક વિચારોનો ધ્વંશ જ થઇ જાય.

આત્મસાક્ષાત્કાર માટે આત્મપૃચ્છા કે આત્મવિચાર જ એકમાત્ર સીધો અને ક્ષતિરહિત માર્ગ છે. દરેક પ્રકારની સાધનાની પદ્ધતિમાં મનોનિગ્રહની પૂર્વ આવશ્યકતા સ્વીકારાઇ છે અને મન વિના તે સિદ્ધ થઇ શકતી નથી. જો સાધના પોતે જ મર્યાદાઓના અસ્તિત્વનું અવલંબન કરે તો પછી તે વ્યકિતને શી રીતે મદદરૂપ થઇ શકે ?

મનુષ્ય હંમેશાં સુખની શોધ કરતો ફરે છે. કસ્તુરીમૃગ જેમ સુગંધની શોધમાં દોડ્યા કરે છે તેમ. પરંતુ મનુષ્ય જાણતો નથી કે સુખ તો તેની અંદરથી જ ઉદ્‌ભવે છે. દુઃખનું કારણ જીવનમાં નથી પરંતુ આપણી જાતમાં જ અહં સ્વરૂપે રહેલું છે. તેને દૂર કરવાની આવશ્યકતા છે.

જે અનુગ્રહ હરહંમેશ તમારા માટે જ છે તેની પ્રાપ્તિ માટે એકમાત્ર ઉપાય એજ છે કે તમે જે છો તે જ આત્મસ્વરૂપ બની રહો.

આત્મા જ સાચો ગુરુ છે, સદ્‌ગુરુ છે. જ્યારે બાહ્યગુરુ વ્યકિતને અંદરની તરફ ધકેલે છે ત્યારે અંદરનો ગુરુ અથવા તો આત્મા વ્યકિતને તેની તરફ ખેંચે છે.

આત્મા તો પંચ મહાભુતોમાં રહેલો છે. સાચો સન્યાસી મનથી હોય છે. મનુષ્યનું મન જ્યાં દોરાય ત્યાં મનુષ્ય દોરાય

છે, તેથી કોઈ ગૃહસ્થ એમ વિચારે કે હું ગૃહસ્થ નથી તો તેને સંન્યાસી માનવો. તેવી જ રીતે "ब्रह्मविद् ब्रह्मैव भवति ।" એટલે કે 'બ્રહ્મ' ને જાણનારા 'બ્રહ્મ' બને છે. આત્મસાક્ષાત્કાર એ કોઇ જીવનની સંધ્યાએ શોધ કરવાની પ્રવૃત્તિ નથી, તે તો તમામ સાધનાઓ તથા માણસના અનિશ્ચિત પ્રારબ્ધનું લક્ષ્યસ્થાન છે.

બ્રહ્મને ઓળખીને મનુષ્ય અમર બને છે અને પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. વિશ્વ એ માણસના મન સિવાય કાંઇ નથી અને મન પણ અંતઃકરણ સિવાય કશું જ નથી. વિશ્વની તમામ ઘટનાઓ હૃદયમાં જ આકાર પામે છે.

આ હૃદય વિશ્વ છે. પ્રભુ એક જ છે, પ્રાણીમાત્રમાં છુપાયેલો છે અને તમામ પદાર્થોમાં વ્યાપેલો છે. તે તમામ કર્મોનો કર્તાહર્તા છે. તમામ પ્રાણીમાત્રમાં વસેલો છે. તમામ પ્રવૃત્તિઓના દ્રષ્ટા અને જ્ઞાતા છે, આમ છતાં નિર્ગુણ છે અને બધા જ ગુણદોષથી પર છે.

પંચમહાભૂતોમાં વસનાર આત્માને આંખથી, વાણીથી, બીજી ઇંદ્રિયોથી, આત્મ સંયમથી કે બીજા કાર્યોથી સમજી શકાય તેમ નથી. જ્ઞાનની નિર્મળ જ્યોતથી જ્યારે માનવીનો આત્મા શુદ્ધિ પામે ત્યારે 'ધ્યાન' દ્વારા તે નિરાકાર કોણ છે તે જોઇ શકે છે.

'विद्या विनय संपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ।।" गी. ५-१८

આત્મતત્ત્વને જાણનારો વિદ્યા અને વિનયથી સંપન્ન એવા બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરાને અને ચાંડાળ એ તમામને એકજ દૃષ્ટિથી નીરખે છે.



બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ. નાત, જાત કે સામાજિક મોભાની દૃષ્ટિએ ઊંચ કે નીચ વગેરેના ભેદભાવ વગર પરમાત્મા અથવા આત્મા સર્વમાં વ્યાપ્ત છે.

જ્યારે વ્યક્તિ જાગૃત થાય છે ત્યારે તેની ઇન્દ્રિયો જેવી કે નાક, કાન, આંખ વગેરેથી દુનિયાના નામ અને સ્વરૂપથી અનુભવ કરે છે. તેનો અંતરાત્મા જાગૃતાવસ્થામાં 'વિશ્વમ્', સ્વપ્નાવસ્થામાં 'તૈજસ્' અને સુષુપ્તાવસ્થામાં 'પ્રાજ્ઞ' અવસ્થાની અનુભૂતિ કરે છે. ત્રણે લોકમાં અનંત પ્રકાશમાં અને છેક બ્રહ્માથી લઇને કીડી જેવા તમામ સુક્ષ્માતિસુક્ષ્મ જીવોમાં અંતર્યામી એવો આત્મા એજ પરમાત્મા છે, બ્રહ્મા છે. એજ સમગ્ર સર્જનનો અનંત જાગૃત સાથી છે. એજ ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સર્જનહાર છે. નામ અને સ્વરૂપના માધ્યમથી ઊભા કરાતા ભેદ, વિચારો સાચેજ એક બ્રહ્મ છે. જો એના હૃદયમાં એવી દૃઢ અનુભૂતિ કરે છે કે 'હું' જ તે બ્રહ્મ (પરમાત્મા) છું તેજ મારો ગુરુ છે. આપણે તો આત્મનિરીક્ષણથી, આત્મપરીક્ષણથી, 'સ્વ'ના શોધ કરીને આત્માને ઓળખી પરમાત્મા થવાનું છે.

—*—

સર્વમાં રહેલા આત્માને પૂજો. શુદ્ધ ચારિત્ર્યનું ઘડતર કરો. દૈવી ગુણો વિકસાવો, ધાર્મિક જીવન જીવો. બીજાઓની ભલાઇ માટે હંમેશ પ્રયત્નશીલ રહો. ગુરુમાં શ્રદ્ધા રાખો. ધારણા શક્તિ કેળવો.

# પ્રકાશના પંથે

સંક્ષેપઃ-દીપક પ્ર. મહેતા

[મહાત્મા શ્રીયોગેશ્વરજીની આત્મકથા]

## 'ઘરેણાં વેચી દઈશુ'

૧. રામકૃષ્ણદેવના ભક્ત અને સંન્યાસી મહાત્મા.

મારા દક્ષિણેશ્વરના નિવાસ દરમ્યાન મેં એક દિવસ પુલિનબાબુને પૂછ્યુ, "રામકૃષ્ણદેવને જેમણે જોયા હોય એવા કોઈ મહાનુભાવોનો તમને પરિચય છે? હોય તો આપણે મળીએ."

પુલિનબાબુએ એવા બેત્રણ મહાનુભાવોનો પરિચય આપ્યો. એક મહાનુભાવ તો એમની પાસે જ રહેતા. અમે એમને મળવા ગયા. એ ખૂબજ વૃદ્ધ હતા. મને એમનામાં ઉંડી શાન્તિ લાગી. રામકૃષ્ણદેવ એમને ત્યાં પધારતા. તે સમયનાં સંસ્મરણોને યાદ કરીને. રામકૃષ્ણદેવને કેવી રીતે સમાધિ થતી, કેવી રીતે બોલતા, કેમ બેસતા, વિગેરે વાતો તેમણે સવિસ્તર કહી સંભળાવી.

"એ દિવસો અનેરા હતા." એમણે શાંતિપૂર્વક ઉપસંહાર કરતાં કહ્યું, 'દેવે દીધેલા અમુલખ આશીર્વાદ જેવા. પરમહંસદેવના સ્વર્ગીય સાન્નિધ્યમાં અમારા દિવસો અસાધારણ આનંદાનુભવમાં મંગળ મહોત્સવની પેઠે પસાર થતા. એમનો આણુશુદ્ધ પારવિનાનો પ્રેમ, ભક્તિભાવ ને નિરાભિમાની નમ્ર સુમધુર સ્વભાવ એટલો બધો અદ્ભુત, અનુપમ, આહ્લાદક હતો કે એમને મૂકવાનું મન થતું નહીં. એમની પાસે જનાર એમનો સદાનો ભક્ત, સેવક, પ્રશંસક થઇ જતો."



મેં કહ્યુ, "તમને તેમના ગયા પછી તેમનાં દર્શનનો લાભ મળે છે? તમારા જેવા પ્રેમી પુરુષ પર તો તેમની કૃપા થવી જ જોઇએ."

"હા. કદી કદી મને એમના અનુભવનો આસ્વાદ સાંપડે છે, એ કાંઇ ચાલ્યા થોડાજ ગયા છે? એતો એમનાજ શબ્દોમાં "એક ઓરડામાંથી બીજા ઓરડામાં પ્રવેશ્યા છે."

સમાગમ પછી પુલીનબાબુ અને હું ગંગાતટ પરના એ સુખદ એક બીજા પ્રસિદ્ધ સંન્યાસી મહાત્મા પાસે પહોંચ્યા. એ વરસો પહેલાં તીર્થશ્રેષ્ઠ કાશીમાં રહેતા. એકવાર પરમહંસદેવે સ્વપ્નમા આદેશ આપ્યો કે દક્ષિણેશ્વર જઇને નિવાસ કરો. આદેશને અનુસરીને એ તો આવ્યા. પણ ટ્રસ્ટીઓએ મંદિરમાં રહેવાની અનુમતિ ના આપી. એજ રાતે રામકૃષ્ણદેવે એ ટ્રસ્ટીઓને સ્વપ્નમાં સૂચના આપી કે આ મહાત્માને મેં અહીં રહેવા માટે આજ્ઞા કરી છે. એ સૂચનાનુસાર ટ્રસ્ટીઓએ મહાત્માને મંદિરમાં રહેવાની રજા આપી.

મહાત્મા પંચવટીની નીચે રહેતા તાપ, ટાઢ, કે વરસાદ હોય પણ ઉઘાડે શરીરે ખુલ્લામાંજ પડી રહેતા. મૌનવ્રત રાખીને એમણે થોડાં વરસ વાસ કર્યો. આખરે એમના પર ઇષ્ટકૃપા થઈ. એમને શાંતિ મળી. પરમહંસદેવે એમને એકવાર ફરીથી આજ્ઞા કરી એટલે દક્ષિણેશ્વરના સુપ્રસિદ્ધ સ્થળને છોડીને વર્તમાન મંદિરમાં વસવા માંડ્યા. એમની સાથે એમની સેવામાં એક સેવાભાવી સન્નારી પણ વાસ કરતી.

મહાત્માજીની વય ઘણી મોટી હતી. એમની પાસેથી એમના જીવની કેટલીક છૂટી છવાયી વાતોને સાંભળ્યા પછી

છેવટે મેં પૂછ્યું, "મારે દીક્ષા લેવાની ઇચ્છા છે. તો તમે મને દીક્ષા આપશો?"

એ પ્રશ્ન મેં કુતૂહલથી પ્રેરાઈને પૂછવા ખાતર જ પૂછેલો. તો પણ એ મહાપુરુષ મારી પરીક્ષામાંથી પૂર્ણપણે પાર ઉતર્યા. કોઇ સામાન્ય સાધુ હોત તો એક શિષ્યની અભિવૃદ્ધિ કરવાનો એ અવસર ભાગ્યે જ જતો કરત, પરંતુ એ તો એક અસામાન્ય અનુભવ પ્રાપ્ત આત્મનિષ્ઠ મહાત્મા હતા. એ મૃદુસ્વરે બોલ્યા: "ઇષ્ટદેવની અનુજ્ઞા મળે તો જ હું કોઈને દીક્ષા આપી શકું. મારી પોતાની ઇચ્છાથી હું એવું મોટું જવાબદારીવાળું કામ ના કરી શકું"

એમના ઉદ્‌ગારો પરથી સમજાઇ ગયું કે તેમની અવસ્થા અત્યંત ઉચ્ચ હતી.

એમની પાસેથી નીકળી અમે બેલુર મઠ ગયા. સ્વામી વિવેકાનંદે એનું નિર્માણ કરેલું. એમાં રામકૃષ્ણદેવનું સુંદર સુવિશાળ શાંત સમાધિમંદિર અને સ્વામી વિવેકાનંદનો સ્મૃતિખંડ છે.

બેલુર મઠ મથુરા જેવો છે, તો દક્ષિણેશ્વર ગોકુળ તથા વૃંદાવન જેવું. એક દેવની સાધનાભૂમિ છે, તો બીજી તે પછીની સમૃદ્ધિ અને વ્યવસ્થાની વિહારભૂમિ. બન્ને સુંદર, શુદ્ધ, સાર્થક છે.

દક્ષિણેશ્વરમાં શિયાળો પૂરો કરવાની ઇચ્છા હતી, પરંતુ તે ઇચ્છા પાર પડી નહીં. ત્રણચાર દિવસમાં અચાનક દેવ-પ્રયાગ જવાની ઇચ્છા થવા માંડી. જે જાતની સાધના કરવાની મારી ઇચ્છા હતી તે માટેનો પુરુષાર્થ કરવા દેવપ્રયાગનું



સ્થાન અધિક અનુકૂળ થઇ પડશે તેમ મને લાગવા માંડ્યું. મેં મારો નિર્ણય પુલિનબાબુને જણાવ્યો ને દેવપ્રયાગ જવા માટે બધા મળીને ત્રીસ રૂપિયા એકઠા કરવાના હતા. તે ખર્ચની વ્યવસ્થા કરવા પણ મેં તેમને જ જણાવ્યું.

બીજે દિવસે પુલિનબાબુએ કહ્યું, "કાલે તમે મને પૈસાની વાત કરી તેથી મને આનંદ અને દુઃખ બન્નેનો અનુભવ થયો. તમારા જેવા મહાપુરુષને મદદરૂપ થવાનું સદ્‌ભાગ્ય સાંપડશે એવું સમજીને આનંદ થયો. પરંતુ મારી સ્થિતિ ઘણી જ ગરીબ છે. એવું યાદ આવવાથી દુઃખ પામ્યો, કાલે ખાવાની વ્યવસ્થા કોણ કરશે ને કેવી રીતે કરશે તે પણ મારા ઘરમાં નક્કી નથી હોતું. દસેક વરસથી કોઇ ધંધો નથી. પહેલાં એક મિત્ર સાથે ભાગમાં ધંધો કરતો પણ એણે વિશ્વાસઘાત કરવાથી ધંધાને છોડીને ઇશ્વરને આધારે જેમ તેમ કરીને જીવી રહ્યો છું."

એ હકીકત મારે માટે તદ્દન નવી હતી. પણ મારા મુખ-માંથી જે શબ્દો નીકળ્યા એનો ઉપાય શું?

ઇશ્વર એને સાર્થક કરશે એવો મને વિશ્વાસ હતો. મેં એ વિશ્વાસ એમની પાસે રજુ કર્યો. એ કહેવા માંડ્યા, "ગઇ રાતે મને ખૂબ ચિન્તા થતી હતી. તમને કઇ રીતે મદદ કરી શકાશે? રાતે મારી પત્નીએ પૂછ્યું તો મેં મારી ચિન્તાનું કારણ કહ્યું. મારા વદન પરથી તે મારી વ્યથાને સમજી ગયેલી. મારી સઘળી વાત સાંભળીને તે શાંતિથી બોલી કે એમાં ચિન્તા શું કરો છો? આપણી પાસે પૈસા નથી તે સાચું, પણ મારાં ઘરેણાં તો છે. એ ઘરેણાં વેચીને આપણે મહાત્મા-જીને મદદ કરીશું. આપણું એવું સદ્‌ભાગ્ય ક્યાંથી?" મારી

પત્ની તો દેવી છે. એણે જ મને કહેલું કે જે મિત્રે વિશ્વાસઘાત કર્યો છે તેને છોડી દો, ને ઈશ્વર જેવા સદાના સાથીનું શરણ લ્યો. આપણે એની સેવા કરીશું તો એ આપણી સંભાળ નહીં રાખે"? ત્યારથી અમે રામકૃષ્ણદેવને ભજવા માંડ્યા. અમારૂં નાવડું સરસ ચાલવા માંડ્યું. મારી પત્નીના પ્રભાવથી મેં વ્યસનો છોડયાં ને મેં સંયમ પાળવા માંડયો. એ સ્ત્રી નથી, દેવી છે. એમના કહેવા પ્રમાણે અમે ઘરેણાં વેચીને પણ મદદ કરીશું."

મને એ બધું અજબ લાગ્યું. પુલિનબાબુ અને એમનાં ધર્મપત્નીની નિસ્સ્વાર્થ સેવાવૃત્તિને વિચારીને તેમના પ્રત્યે મને અસાધારણ આદરભાવ ઉપજ્યો. મેં કહ્યું, "નહીં, તમારે ઘરેણાં નહીં વેચવા પડે. ઈશ્વરની કૃપાથી કોઇ બીજો રસ્તો નીકળી જશે.'

એમને આશ્વાસન આપી હું એમની સાથે જમવા ગયો. મેં એમના ઘરમાં પ્રવેશ કર્યો તે પછી થોડા જ વખતમાં એક પુરુષે અંદર આવીને, મને પ્રણામ કરીને, પુલિનબાબુને પૂછ્યું, "મહાત્માજી ક્યાંથી આવે છે?"

"હિમાલયથી."

"હિમાલયથી?"

"હા,"

"મારે એમની સેવા કરવી છે. પુલિનબાબુએ મારી સામે જોઇ જણાવ્યું, તમારી મરજી. "પેલા પુરુષે ગજવામાંથી નોટોનું બંડલ કાઢીને પૂછ્યું કે "કેટલી સેવા કરૂં?" પુલિનબાબુ શાંત રહ્યા એટલે એણે પચ્ચીસ રૂપિયા અર્પણ કરી નમસ્કાર કરી, સાયકલ પર ચડી વિદાય લીધી.



પુલિનબાબુ તથા તેમનાં પત્નીની આંખ ભરાઇ ગઈ!

"આજ મારો પેલો મિત્ર" પુલિનબાબુ બોલ્યા. મારી સાથે વિશ્વઘાત કરનારો દશ વરસે આજે પહેલી જ વાર અહીં આવ્યો. અત્યાર સુધી અમારે બોલવાનો પણ સંબંધ ન હતો."

મેં કહ્યું, "ઈશ્વરની લીલા એવી અનોખી છે. તમે તે પરમાત્માનું શરણું લીધું છે, એમણે જ આ લીલા કરી છે. હવે તમારે ઘરેણાં નહીં વેચવાં પડે. દૃઢ વિશ્વાસ અને પ્રેમપૂર્વક ઈશ્વરની આરાધનામાં મશગુલ રહેજો. તમે આજે ફરીવાર અનુભવ્યું ને ભકતની બધી જ ચિન્તા ભગવાનને હોય છે."

જમ્યા પછી અમે દક્ષિણેશ્વરના પંચવટીના સ્થાનમાં પહોંચ્યા ત્યાં બીજા દિવસે સવારે એક સદ્‌ગૃહસ્થે સ્વેચ્છાથી પુલિનબાબુને પાંચ રૂપિયા મદદના આપ્યા. એવી રીતે ત્રીસ રૂપિયાની પ્રાપ્તિનું લક્ષાંક પૂરું થયું. બીજા કોઇની સહાયતાની અપેક્ષા ન રહી.

મંદિરનાં દર્શન કરી, દક્ષિણેશ્વરના દિવ્યસ્થાનને પ્રણામ કરી, અમે સ્ટેશન તરફ ચાલ્યા. મને ટ્રેઈનમાં બેસાડી છૂટા પડતી વખતે પુલિનબાબુ ખૂબ જ ગદ્‌ગદ્ થઇ ગયા. મારા મનમાં એ પ્રેમી દંપતીનાં સંસ્મરણો રમી રહ્યાં. અને પેલા સુંદર ચીર સ્મરણીય ભાવસભર શબ્દો "ઘરેણાં વેચી દઈશું" એ તો અંતરમાં સદાને માટે અંકિત થયા. (ક્રમશઃ)






નારેશ્વરના

# સંતશ્રી રંગઅવધૂત મહારાજ

ડૉ. અરૂણોદય જાની.

નર્મદાનો તટ એટલે સન્તોની સાધનાભૂમિ. નર્મદાએ ભારતને અનેક સંતો બક્ષ્યા છે. 'બાપજી'ના હુલામણા નામે જાણીતા વર્તમાન સદીના એક પરમ સંત શ્રી રંગ અવધૂતનો જન્મ ગોધરામાં તા. ૨૧-૧૧-૧૮૯૮ (કાર્તિક શુકલ નવમી) ના રોજ થયો હતો. પિતાનું નામ વિઠ્ઠલ, માતાનું નામ રુકમણિ, અટક વળામે.

ગોધરામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પુરું કરી અમદાવાદની ગુજરાત કોલેજમાં પ્રથમ વર્ષ પસાર કરી વડોદરા કૉલેજમાં દાખલ થયા. બી એ. ના છેલ્લા વર્ષમાં આવ્યા અને મહાત્મા ગાંધીજીના અસહકાર આંદોલનની હાકલ પડી. રાષ્ટ્રપ્રેમી પાંડુરંગ અભ્યાસ છોડી ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા અને પ્રથમ સ્નાતકોની ટુકડીમાં સ્નાતક તરીકે બહાર પડ્યા. "ગંજેરી' તખલ્લુસ ધારણ કરી પત્રકાર તરીકેની કામગીરી આરંભી. થોડો સમય રાષ્ટ્રીય વિનય મંદિર, અમદાવાદમાં સંસ્કૃતના શિક્ષક તરીકે પણ કાર્ય કર્યું. આ ગાળામાં તેમણે ટૉલ્સટોય "what shall we ao then ?" નો "ત્યારે કરીશું શું ?" એ નામે અનુવાદ, કાકાસાહેબ કાલેલકરે ભર્તૃહરિના શતકોમાંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકોના સંગ્રહ 'સદ્બોધ શતક' ઉપર બાલબોધની નામની સંસ્કૃત ટીકા, સંસ્કૃત ભાષાના અધ્યાપન માટે 'ગીર્વાણભાષા પ્રવેશ' (ભાગ-૧-૨) તથા ઉપનિષદ્‌ની વાતો, ઈત્યાદિ કૃતિઓ રચી.

વિદ્યાર્થી અવસ્થાથી જ તેમને આધ્યાત્મિક સાધનાની

અભીપ્સા હતી અને સાધના ચાલુ જ હતી. નાના ભાઇ નારાયણ કુટુમ્બની જવાબદારી ઉપાડી શકવા સમર્થ થતાં જ પાંડુરંગે આત્મોન્નતિ માટે તપશ્ચર્યાનો માર્ગ લીધો.

આધ્યાત્મિક માર્ગે વિચરનારને સુયોગ્ય ગુરુ પ્રાપ્ત થાય છે જ. છેક બાલ્યકાળથી જ પ. પૂ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે સ્વામી) મહારાજના આશીર્વાદ પૂ. બાપજીને પ્રાપ્ત થયા હતા.

યજ્ઞોપવીત થયા પછી બટુક પાંડુરંગને નરસોબાની વાડી-માં દર્શન માટે માતુશ્રી જ્યારે લઇ ગયાં, ત્યારે આ બટુક દોડીને સ્વામી મહારાજના ખોળામાં બેસી ગયો. બધાંએ હોહા કરી મૂકી. પણ સ્વામી મહારાજે કહ્યું. "આ અમારો જ છે."

આમ બાળપણથી જ પોતે સ્વામી મહારાજના કાર્યમાં ઉત્તરાધિકારી છે એનું સૂચન પૂ. બાપજીને કરી દીધું હતું.

બ્રહ્મીભૂત થયેલા સ્વામી મહારાજે પાંડુરંગને સાધનકાળ દરમ્યાન સ્વપ્નમાં "પોથી વાંચ" એવો આદેશ આપ્યો હતો. પોતાના મામા પાસેથી પોથી (મરાઠી ગુરૂચરિત્ર) મેળવી, તેનું પારાયણ તથા નિત્યપાઠ તેમણે આરંભ્યો હતો.

તા. ૩-૧૨-૧૯૨૫ ના રોજ નારેશ્વરના મહાદેવના મંદિર પાસે વૃક્ષની નીચે થાક ખાવા 'હાશ' કરીને બેઠા ત્યાં તેમની નજરે સાપ અને મોર ગેલ કરતા નજરે પડયા. આ ભૂમિની નિર્વૈરતા જોઇને તેમણે સાધના માટે આ સ્થાન પસંદ કર્યું. ગુરુ મહારાજના આદેશાનુસાર 'દત્તપુરાણ' નાં ૧૦૮ પારાયણ કર્યાં. નર્મદાજળમાં કટિપર્યંત મગ્ન રહી જપાનુષ્ઠાન કર્યાં અને સદ્દગુરુનો આદેશ થતાં માત્ર ૧૦૮ દિવસના ટૂંકા સમયમાં નર્મદાપરિક્રમા કરી. આમ કઠોર સાધના કરી પાંડુરંગ રંગ અવધૂત તરીકે અને પાછળથી લોકોના લાડીલા 'બાપજી' તરીકે વિખ્યાત થયા.



સાધનાકાળ દરમ્યાન સાક્ષાત્કારને માટે તલસતા અભી-પ્સુની વાણી સંસ્કૃત સ્તોત્રોના રૂપે રંગ્ગહૃદયમ્ । માં અને ગુજરાતી હિન્દી ભજનોરૂપે 'અવધૂતી આનંદ'માં પ્રગટ થઈ છે. તેમાં આ સંતની આર્તતા, તલસાટ અને વ્યાકુળતા જણાઇ આવે છે. સાક્ષાત્કારનું પણ વર્ણન આ વાણીમાં ઉપ-લબ્ધ થાય છે.

શ્રી રંગ અવધૂત મહારાજનું ખરૂં જીવનકાર્ય એટલે ગરૂડેશ્વરમાં વસેલા પોતાના સદ્દગુરુએ ગુજરાતીમાં દત્તભક્તિ-ની જે વેલ વાવેલી તેનું સેવન કરી તેને પલ્લવિત, પુષ્પિત અને ફલિત કરી તે છે. પૂ. બાપજીએ લગભગ ૧૯૦૦૦ દોહરામાં રચેલ શ્રી ગુરુલીલામૃત ગ્રંથ આ ક્ષેત્રે એમનું મૌલિક અને અદ્દભુત પ્રદાન છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રિવેણી સંગમરૂપ આ ગ્રંથ દત્તભક્તિની દૃષ્ટિએ અનુપમ (એક અને અદ્વતીય) ગ્રન્થ હોવા ઉપરાંત, સાંખ્ય, યોગ, વેદાન્ત, સ્વરોદય ઇત્યાદિ દર્શન તથા શાસ્ત્રગ્રંથોના રહસ્યોનું સરળ રીતે પ્રતિપાદન કરતો વેદ વેદાંતના નીચોડ સમાન-ઋતંભરા પ્રજ્ઞાના આવિષ્કારરૂપ ગ્રન્થ રત્ન છે.

ગુજરાતમાં બીનસાંપ્રદાયિક રીતે દત્તભકિતને વિકસિત કરનાર, આ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા સંતે પરસ્પરદેવો ભવ! એ નવું સૂત્ર આપી માનવીને તેના સાચા સ્વરૂપને ઓળખવાની ગુરુ-ચાવી આપી છે. વર્તમાન સદીના આ સંત-

નું સૂત્ર વ્યકિત માટે, રાષ્ટ્ર માટે અને આધ્યાત્મિક ઉન્નતિને માટે પરમ સાધનરૂપ છે.

નાના ભાઈના મૃત્યુ પછી પોતાના માતુશ્રીને નારેશ્વરમાં લાવી, તેમના અવસાન સુધી પુ બાપજીએ સેવા કરી, માતૃભકિતનો આદર્શ સંસાર સમક્ષ જીવંત રાખ્યો છે.

આજીવન બ્રહ્મચારી, રાષ્ટ્રપ્રેમી, દત્તસાક્ષાત્કારી, માતૃભકત, સંસ્કૃતના ઉચ્ચ કોટિના પંડિત, દર્શનોના માત્ર જ્ઞાતા જ નહીં, પરંતુ તેના તત્ત્વને સાક્ષાત્કૃત કરી, જીવનમુકત દશામાં વિહરનાર, નિઃસ્પૃહ, નિઃસંગ અવધૂતનું સમાજસેવકનું પાસુ પણ એટલું જ ઉજ્જવળ છે. એ તેઓએ પોતાના જીવનકાળ દરમ્યાન યોજેલી અનેક સામાજીક કેમ્પ/શિબિરો દ્વારા પ્રતીત થાય છે.

વર્તમાન સદીના આ દત્તાવતારી સન્ત તા. ૧૯–૧૧–૧૯૬૮ ને કારતક વદ અમાસના રોજ હરદ્વારમાં 'આર્યનિવાસમાં' બ્રહ્મલીન થવા છતાં, નારેશ્વરમાં, હરિદ્વારના આર્યનિવાસમાં કે અન્યત્ર તેઓશ્રી જ્યાં જ્યાં વિચર્યા હતા, ત્યાં સર્વત્ર આજે પણ શ્રદ્ધાળુભકતોને તેમની સૂક્ષ્મ હાજરીનો પ્રત્યક્ષ અનુભવ કરાવી રહ્યા છે.

શ્રી રંગ અવધૂતના વિવિધ પાસાને સમજવા જિજ્ઞાસુએ તેમના જ સહાધ્યાયી અને ગોઠિયા શ્રી અમૃતલાલ મોદી લિખિત 'રેવાનો યોગી' તથા "નારેશ્વરનો નાથ" ભાગ ૧–૨ પુ. બાપજીના જ કૃપાપાત્ર શિષ્ય શ્રી ભાલચન્દ્ર ત્રિપાઠી (બાલ અવધૂત) લિખિત "સ્વાનંદ સમ્રાટ અવધૂત", 'સપ્તસિંધુ' ઇત્યાદિ ગ્રંથો જોવા જોઇએ.



પૈસા-ચોખાને સ્પર્શ નહિ કરનાર આ જન્મજાત અવધૂત બાદશાહે વ્યકિતમાત્રને પોતાની જન્મજાત બાદશાહતને પામવાનો અમર આદેશ આપ્યો છે. તદનુસાર આપણે આપણી એ જન્મજાત બાદશાહતને એમના આશીર્વાદથી ઓળખીએ એટલી જ અભિલાષા.

હાથથી કામ અને મનથી જપ સાથે સાથે ચાલે તેને કર્મયોગ અને ભક્તિનો સમન્વય કહેવાય. આ એક સર્વોત્તમ યોગ છે.

મે. મીલન એન્જીન્યરીંગ વર્કસ

ડભોઇ રોડ

પ્રતાપનગર-વડોદરા.

# પૂ. શ્રી છે.-ભક્તોની અનુભૂતિ

સંકલનઃ-નારાયણ હ. જાની

વૈશાખ સુદી ૧૫નો દિવસ. અમે ઋષિકેશ હતા. પુનમની ચાંદનીમાં ત્રિવેણી ઘાટ ઉપર પૂ. માએ ધ્યાન કરાવ્યું. ધ્યાનમાં થોડો સમય વ્યતીત થયો ત્યાં પૂર્વ દિશામાં પ્રકાશના પુંજો દેખાવા લાગ્યા. ધ્યાનાવસ્થામાં પૂ.શ્રી આવ્યા ને પ્રેરણા આપી. "ચિન્તા શા માટે કરો છો? માને કશું થવાનું નથી. તેઓ દિવ્ય શકિતની પ્રાપ્તિ વાસ્તે ઉપવાસ કરી રહ્યાં છે. અમુક સમયમાં ને શકિત પ્રાપ્ત થતાં ઉપવાસ પૂરા કરશે. જરાય ચિન્તા કરો નહિ."

તા. ૧૯-૫-૮૪ના રોજ પ્રાતઃ કાળમાં જાગૃત થઈ ધ્યાનમાં બેઠો ત્યાં ફરી પ્રકાશનાં દર્શન થયાં. પૂ શ્રીએ સૂક્ષ્મ શરીરે આશિર્વાદ આપતા દર્શન આપ્યાં ને કહ્યું: "જગદંબાની ઈચ્છા પ્રમાણે પાર્થિવતનુનો મેં ત્યાગ કરેલ છે. પરંતુ સૂક્ષ્મ રીતે તો હું તમારી સાથેજ છું. પછી થોડા વખતમાં મને હિંદુસ્તાનનો નકશો દેખાયો તેના મધ્યભાગમાં પૂ. શ્રી સફેદ ઘોડાવાળા રથમાં આસીન થયા છે અને પૂ. માએ સફેદ વસ્ત્રો પરિધાન કરેલ છે ને (માથા ઉપર) સુંદર રત્નજડિત સોનાનો મુગટ પહેરેલ છે. ને નીચે ઊભાં ઊભાં પોતાની લાક્ષણિક ઢબથી રથને આગળ ચલાવવાનું દિશા સૂચન આપી રહેલ છે." 'આખુ દૃશ્ય ખૂબજ અલૌકિક અને હૃદયંગમ હતું. એનું શબ્દોમાં વર્ણન કેવી રીતે કરવું?'

—જે. વી. શાહ



## શ્રીમોરારભાઇ રબ્બીના તા. ૪-૭-૮૪ના પત્રમાંથી

પૂ.શ્રી મને અંધારામાંથી ઉજાસમાં લાવ્યા. તેમજ (પૂ.મા) તમોને ખબર છે કે મને મરણ પથારીએથી બેઠો કરનાર પ.પૂ શ્રી છે તેમને કેમ ભૂલાય? છેલ્લા સુરત શિબિરમાં મળ્યા.

છેલ્લો તમારો પત્ર મળ્યો. તેમાં મેં લખેલું કે મને પૂ. શ્રીને પગચંપી કરવાનો ચાન્સ તા. ૩-૬-૮૪ના રોજ મળ્યો. હું એમને પગે લાગ્યો. પૂ.શ્રીએ આશીર્વાદ આપ્યા ને માથા ઉપર અને બરડા ઉપર હાથ ફેરવ્યો ને મારા ગળામાં મને માલીસ જેવું કર્યું.

ત્યારબાદ મેં પૂ.શ્રીના માથા ઉપર હાથ લગાડ્યો તો તે મને ગરમ લાગ્યું. એટલે મેં એમના માથામાં દીવેલ ભરી દીધું અને પાછળ બરડામાં પણ માલીસ કર્યું. પૂ.શ્રી ઉબડા સૂઇ ગયા ને મેં માલીસ જેવું કર્યું. વાતો થઇ પણ બધી યાદ નથી.

પૂ.શ્રીની સાથે મારે જીવનમાં બહુ થોડા દિવસો માટે એકજ વખત મળવાનું થયું અને તે જયપુરમાં. હું ત્યાં અભ્યાસ કરૂ છું. મે પ્રકાશના પંથે પુસ્તક વાંચેલું. એટલે મેં મસુરી એક બે પત્રો લખેલા. પરંતુ તેમનો કંઈ જવાબ મળેલો નહીં.

પરંતુ ભગવાને કૃપા કરીને જાન્યુ. ૮૪ માં પૂ શ્રી જયપુર પધાર્યા ને મારો તેમની સાથે મેળાપ થયો. એ થોડા દિવસોનો મેળાપ માત્ર આ જીવનમાંજ નહિ, પરંતુ જન્માંતરોમાં પણ મને પ્રેરણા પાતો રહેશે એમાં મને શંકા નથી.

પૂ.શ્રી ભૌતિક રીતે આપણી વચ્ચેથી વિદાય થઇ ગયા, તેની ઘણી ઘેરી ચોટ મારા દિલે અનુભવી ને મને તેનું દુઃખ જીવનભર રહેશે.

પૂ.શ્રી જતાં મારા મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન હવે મને કોણ કરી આપશે ! એની મને ચિંતા થવા માંડી. અને ખરેખર બન્યું પણ એવુંજ. મહાભારતનું સભાપર્વ હું વાંચતો હતો. તેમાં મને એક પ્રશ્ન થયો અને તેણે મારા સમસ્ત મનનો કબજો બેત્રણ દિવસ લઈ લીધો. મને દિવસ રાત એના વિચારોજ આવતા. ત્યાં તો રાત્રે સ્વપ્નમાં પૂ.શ્રી યોગેશ્વરજીએ મને દર્શન આપી મારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર સમજાવ્યો. તેથી મને ખૂબ આનંદ થયો. થયું કે પૂ.શ્રી આપણી સાથેજ છે, એટલુંજ નહિ પણ આપણા પ્રશ્નોના જવાબ પણ આપવા સમર્થ છે.

એક બીજા પ્રસંગે એમણે મારા પ્રશ્નના ઉત્તરમાં મને છાંદોગ્ય ઉપનિષદની એક પંક્તિ કહી સંભળાવી. મેં જીવન-માં કદી છાંદોગ્ય ઉપનિષદ્ જોયેલું કે વાંચેલું નહિ. એટલે મને જીજ્ઞાસા થઇ. મેં તે મંગાવીને જોયું તો ખરેખર તેમાં એ પ્રમાણેની પંક્તિ જોઇ મને ભારે આશ્ચર્ય થયું.

આ બે પ્રસંગોએ મને પ્રતીતિ કરાવી કે પૂ.શ્રી ક્યાંય ગયા નથી. આપણી વચ્ચેજ છે.

(વિદ્યાશંકર વ્યાસ-જયપુર. અંબાજી ખાતેના પ્રવચનમાંથી)



# પંદરમી ઓગસ્ટના કાર્યક્રમો

ચંદ્રકાન્તભાઇ પંડ્યા

## ૧. જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ખાતમુહૂર્ત

તા. ૧૫મી ઓગસ્ટ એ પરમ પૂ.મહાત્મા શ્રીયોગેશ્વરજીનો જન્મ દિવસ. તેજ દિને ગુજરાતના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી-માં પ.પૂ માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનો ખાતમુહૂર્ત વિધિ યોજાયો.

આ પ્રસંગે ગુજરાતભરમાંથી અને મુંબઈ તેમજ છેક જયપુરથી અઢીસો ઉપરાંત સાધકો આ બન્ને કાર્યક્રમોમાં ભાગ લેવા એકત્રિત થયા. આ બન્ને કાર્યક્રમોનું આયોજન પ.પૂ મા.શ્રી સર્વેશ્વરીની સૂચના પ્રમાણે શ્રીબાબુભાઇ વોરાએ કર્યું હતું. તેમને કલ્પનાય ન હતી કે આટલા બધા સાધકો આટલે દૂર સુધી આવશે.

તા. ૧૫મીની સવારે–વીસનગર પગપાળા શક્તિ ભવન-ના હોલમાં પ્રારંભનો મંગલવિધિ ચાર પંડિતોની દોરવણી પ્રમાણે યોજાયો. તેમાં પૂ.શ્રીના ભક્તોમાંથી શ્રીબાબુભાઇ વોરા, શ્રીજશભાઇ પટેલ, શ્રીવિષ્ણુભાઇ જાની, શ્રીહરગોવિંદ-ભાઇ ભટ્ટ, શ્રીશાંતિભાઇ કનેરિયા, શ્રીઈશ્વરભાઇ શાહ અને શ્રીરમેશભાઇ પટેલને હસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારથી વિધિ પંડિતોએ કરાવ્યો.

આ વિશ્રામગૃહના પાયાની પ્રથમ પાંચ ઇંટો પૂજન કરીને શ્રીબાબુભાઇ વોરા અને નારાયણભાઇ જાનીના હસ્તે મૂકવા-માં આવી. પ.પૂ. મા.શ્રી સર્વેશ્વરીની સૂચના પ્રમાણે આ

વિશ્રામગૃહના સમગ્ર વિસ્તારમાં ભારતની પવિત્ર મનાતી સાત નદીઓના જલનો છંટકાવ પ્રથમ પાંચ વડિલ સાધકો, તે પછી યુવાનો ને બટુકો અને બહેનોના હાથે પ પૂ. માતાજી જ્યોતિર્મયીના જય ઉદ્‌ઘોષ સાથે કરવામાં આવ્યો, ત્યારે સમગ્ર વાતાવરણ ખૂબ ભકિતભાવપૂર્ણ બની ગયું. એ પ્રસંગે જાણે પ.પુ. શ્રીયોગેશ્વરજી સૂક્ષ્મ આશીર્વાદ વરસાવતા હોય તેમ ઝરમર ઝરમર વરસાદનો છંટકાવ થતો રહ્યો.

પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ આ સ્થળની પસંદગી પોતે કરી હતી. ધરતી એમનાં પવિત્ર શ્રીચરણોના સ્પર્શથી પાવન બનેલી હોઈ, સમગ્ર ભકત સમુદાય માટે, એ સ્થાન યાત્રાધામ સમું બની રહ્યું.

ખાતમુહૂર્ત પછી પ.પૂ માશ્રી સર્વેશ્વરીની સૂચના પ્રમાણે ગુરૂપૂજન માટે પાંચ બ્રાહ્મણ બહેનો અને બે ભાઇઓના હસ્તે પૂ.શ્રીના ફોટાનું પૂજન ષોડશોપચાર વિધિથી કરવામાં આવ્યું. તેમાં શ્રીમધુબેન વોરા, શ્રીસરસ્વતીબેન જાની, શ્રી· સ્નેહલતાબેન મહેતા, શ્રીપદ્માબેન ત્રિવેદી અને શ્રીરંજનબેન ઠાકર ઉપરાંત પ્રો.ટી.જી ભટ્ટ અને શ્રીનોત્તમભાઇ પંડ્યાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુરૂપુજનમાં બહેનોને સામેલ કરીને બહેનોની ભાવનાને પૂ.માએ સુંદર રીતે વાચા આપી. ઉપસ્થિત સાધક ભાઇ બહેનોએ પુજનવિધિ પછી પૂ.શ્રીની આરતિ ખૂબ ભાવપૂર્વક ઉતારીને ગુરૂવંદના કરી. પૂ.માને પણ ખૂબ ખૂબ ભાવપૂર્વક પ્રણામ કર્યા.

પૂ.માના ઉપવાસોનું વ્રત છેલ્લા પાંચ માસથી એકધારૂં ચાલુ રહ્યું છે, તે છતાં આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પૂ માની ઝીણવટભરી દૃષ્ટિ અને એક ઉત્તમ આયોજનકારની શકિતનાં દર્શન સાધકોને થવાં.



ગુરૂ પૂજનવિધિ પછી, સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમ જ અન્ય ધ્યાન કેન્દ્રો તરફથી આવેલ ભાઇ બહેનો માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યાં સહુ ભોજન લેવા પધાર્યા.

## ૨. અધ્યાત્મના ઇતિહાસમાં યાદગાર દિવસ

પંદરમી ઓગસ્ટના કાર્યક્રમોમાં ભાગ લેવા પ. પુ.માશ્રી સર્વેશ્વરી વડોદરાના સાધક ભાઈ બહેનો સાથે સ્પેશિયલ લકઝરી બસમાં આવ્યાં. રસ્તામાં તેઓએ વિચાર્યું કે અધ્યાત્મ-ના જે વાર્ષિક સભ્યો છે, તેઓમાંથી જે સાધનસંપન્ન છે. તેઓ આજીવન સભ્ય બને તે જરૂરી છે. આ વાત તેઓએ સહપ્રવાસી સાધકોને કહી અને જોત જોતામાં વડોદરાથી અંબાજી આવતાં સુધીમાં, જુદા જુદા સાધકોએ આજીવન સભ્યો પોતા તરફથી કરાવી આપવાના સંકલ્પો જાહેર કરવા માંડયા. એકવીસ જેટલા નોંધાઇ ગયા. એ એક આશ્ચર્યકારક ઘટના હતી.

પછી તો ૧૫મી ઓગસ્ટની બપોરની બેઠકમાં પૂ.માએ કહ્યુ "પૂ. શ્રીની આ ચોસઠમી જન્મ જયંતિ છે એટલે ૬૪ જેટલા આજીવન સભ્યો નોંધાય તો સારૂં." પૂ. માના સંકલ્પને સાધકોએ જલ્દીથી પુરો કરી દીધો, એટલુંજ નહિ પરંતુ ૧૯૮૪ના વર્ષમાં ૮૪ ઉપરાંત આજીવન સભ્યો કરી લાવવાના સંકલ્પો જાહેર થયા. આમ નર્મદાયાત્રા પ્રસંગે વાર્ષિક સભ્યો નોંધવાની ઝુંબેશની જેમ, અંબાજીયાત્રામાં આજીવન સભ્યો પ. પૂ ગુરુદેવની ૬૪મી જન્મ જયંતી અધ્યાત્મના ઇતિહાસમાં એક યાદગાર દિવસ બની ગયો. એક વર્ષમાં સામાન્ય રીતે જેટલા સભ્યો નોંધાતા, તેટલા એક દિવસમાં નોંધાયા. યુવાન સાધક

શ્રી અજય કલોલાએ તો એવો સંકલ્પ જાહેર કર્યો કે અત્યાર સુધીમાં કોઇ એક વ્યક્તિ દ્વારા જેટલા આજીવન સભ્યો નોંધાયા હોય, તેના કરતાં હું એક વધુ નોંધી લાવીશ. એ ભાઈને ખરેખર અભિનંદન ઘટે છે.

આ સાધકોને આવતા ત્રણેક માસમાં પોતાના સંકલ્પો પૂરા કરવા પૂ. માએ અનુરોધ કર્યો. તીર્થસ્થાનમાં કરેલા શુભ સંકલ્પનું ફળ વિશેષ પ્રાપ્ત થાય છે, તેવું શાસ્ત્ર વચન છે. તો એવો સંકલ્પ પરિપૂર્ણ ન કરીએ તો દોષ પણ લાગે. એ વાત સાધકોને પૂ. માએ યાદ દેવડાવી.

### ૩. પવિત્ર ભાવનાપૂર્ણ યજ્ઞો.

પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ એ કેવળ યાત્રાળુઓને માટે ઉતારાનું સ્થાન બનવાને બદલે સાધકો માટેનું એક સાધનાધામ બને, એવી પ. પૂ. શ્રી યોગેશ્વરજીની ભાવનાની પૂ. માએ સાધકોને યાદ અપાવી.

ભવિષ્યમાં બનનારા આ સાધનાધામ માટે પ. પૂ. માએ આ ભૂમિને વિશેષ પવિત્ર અને આધ્યાત્મિક પરમાણુઓથી પરિપૂર્ણ કરવા માટે, તા. ૧૫મી પછી અંબાજીમાં રોકાયેલ જેટલા પચ્ચીસ સાધક ભાઇ બહેનોને વિશેષ કાર્યક્રમો સૂચવ્યા. તા. ૧૬મીને ગુરૂવારે આ સ્થાનમાં પૂ. માની સાથે બેસી ભગવાન શ્રી સાઈનાથની સ્તુતિ, આરતિ સાધકોએ ખૂબભાવપૂર્વક કરી, તો તા. ૧૮મીએ પૂ. માએ સમૂહ ધૂનનો કાર્યક્રમ સૂચવ્યો. એ કાર્યક્રમ ખૂબ અદ્‌ભુત રહ્યો.

પૂ. મા તે દિવસે પોતાના ઉતારાથી જ્યોતિર્મયી વિશ્રામગૃહના સ્થાન સુધી પગે ચાલીને આવ્યાં અને ગયાં એટલું



જ નહિ સાધકો સાથે અંબા માતાનાં દર્શને પણ આવ્યાં. પૂ. માને તે દિવસે ૧૫૩મો ઉપવાસ હતો. છતાં તેઓ પાંચ કિલોમીટર જેટલું અંતર ખૂબ સ્વસ્થ તંદુરસ્ત માણસની જેમ ચાલ્યાં. કેવું અદ્‌ભુત કહેવાય!

તા. ૧૯મી એ બધા સાધકોએ સાથે મળીને ત્યાં ૐ શ્રી યોગેશ્વરાય નમઃ ની ૨૫ માળાઓનો જપયજ્ઞ એ સ્થાનના વાયુમંડળને પવિત્ર કરવાના સંકલ્પ સાથે કર્યો.

જન્માષ્ટમી ને તા. ૨૦મીએ વહેલી સવારે ૬–૩૦ વાગ્યાથી સમગ્ર સરળ ગીતાનું પારાયણ પણ પૂ. માની સૂચના પ્રમાણે બધા સાધકોએ સમૂહમાં કર્યું. કાર્યક્રમના અંતે વીસેક જેટલા સાધક ભાઈ બહેનો તે દિવસે જવાનાં હોવાથી પૂ. મા પોતાના ઉતારાથી પગે ચાલીને, સાધકોને દર્શન આપવા આવ્યાં. પૂ. માને મૌન હતું, છતાં એમનાં દર્શન કરી સાધકો પુલકિત બની ગયા. સાધકો પ્રત્યે કેવી કરૂણા!

સાધકોએ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું "ભકત તો ભગવાનના દર્શને જાય, પરંતુ મા, અમારે માટે તો જાણે ભગવાન ભકતોને દર્શન આપવા આટલા ઉપવાસો છતાં કષ્ટ વેઠી આવ્યા, એવું થયું"

આ પછી તા. ૨૨મીએ પૂ. માએ સાધકો સાથે આ સ્થાન ઉપર વિષ્ણુસહસ્રનો સમૂહમાં પાઠ કર્યો. આ ઉપરાંત તા. ૨૩મીએ પૂ. માએ સાધકભાઈ બહેનો સાથે સવારે ૭-૩૦ કલાકે જઈ, એ સ્થાન ઉપર ૧૦૮ જેટલા શિવમહિમ્નના પાઠ, તેમજ ચંડીપાઠ પણ કરાવ્યો. એ સમયે સમગ્ર વાતાવરણ ચાર કલાક સુધી શિવ અને શક્તિની સ્તુતિઓના ધ્વનિથી ગૂંજી ઊઠયું.

આ દિવસોમાં અંબાજીમાં રોજ વરસાદ પડતો. પરંતુ
પ્રભુની કૃપા તો એવી કે આ બધા કાર્યક્રમો વખતે, એકે
દિવસ વરસાદની પ્રતિકૂળતા નડી નહિ. પ્રભુની કેવી અનહદ
કૃપા !

ખાતમુહૂર્ત તો સામાન્ય રીતે ઘણાં થતાં હોય છે, પરંતુ
આ સાધનાધામમાં ભવિષ્યમાં આવનાર સાધકોને આધ્યા-
ત્મિક લાભ પહોંચે એવી અતિ ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈ આવા
પ્રકારના કાર્યક્રમો ભાગ્યેજ કોઈ સ્થળે પહેલેથીજ કરાવામાં
આવતા હશે ! ભવિષ્યમાં અહીં આવી સાધના કરનાર સાધક
ભાઈ બહેનોને ખૂબ શાંતિ મળે એજ મંગલ કામના.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની ભાવના કેવી ઉચ્ચ ને દીર્ઘ
દૃષ્ટિવાળી છે, તેનું દર્શન સાધકોને સતત થતું રહ્યું. પૂ મા
કહે છેઃ "હું કાંઈજ કરતી નથી. પ્રભુના માર્ગદર્શન પ્રમાણેજ
બધું થયાં કરે છે."

પૂ. માના દ્વારા પૂ. ગુરુદેવજ કાર્ય કરી રહ્યા છે એની
પ્રતીતિ આ કાર્યક્રમોમાં સાધકોને થઇ. પૂ. ગુરુદેવનો જય હો !

ઇંદ્રિયોને વશમાં રાખો. વિચારો ભાવનાઓ અને આવેશો તરફ દુર્લક્ષ્ય કરો. બ્રહ્મમુહૂર્તમાં સ્થિર અને શાંત બેસો. આત્મા સાથે એકતા સ્થાપો.



# ખાતમુહૂર્ત પ્રસંગે આવેલા સંદેશા

## તાર સંદેશાઓ સંક્ષેપમાં

પૂ. માતાજીને પ્રણામ. અંબાજી ખાતેની ખાતમુહૂર્ત વિધિને સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ. પૂ. મા, તમારૂં સ્વાસ્થ્ય સંભાળવા વિનંતી.

હર્ષદભાઇ અને અંજલિકા.
સ્કારબોરોચ–કેનેડા,

આમંત્રણ બદલ આભાર. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી-ને પ્રેમપૂર્વક વંદન. ખાતમુહૂર્તવિધિની સફળતા ઇચ્છીએ છીએ.

સુરેશભાઇ ને વિમળાબેન.
વિકાસ ને સ્મૃતિ. ડાન્સવ્યુ–કેનેડા.

.પ પૂ. મહાત્માજી યોગેશ્વરજીના જન્મદિન પંદરમી ઓગસ્ટે વિશ્રામગૃહના ખાતમુહૂર્તના સમાચાર જાણી ખૂબ આનંદ થયો. આ પ્રસંગે શ્રી અંબામા તેમજ પૂ. મહાત્માજી-ને પ્રાર્થના કરીએ છીએ કે યાત્રાધામ અંબાજીમાં આરંભા-યેલું આ કામ વેળાસર નિર્વિઘ્ને પૂરૂં થાઓ.

શ્રી કલ્યાણ મંડળ, રગ્બી–યુ. કે.

અંબાજી ખાતેના ખાતમુહૂર્ત અને મહાત્માશ્રી યોગે-શ્વરજીની જન્મ જયંતિ પ્રસંગે શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર તરફથી અમે આ પવિત્ર ધાર્મિક સમારંભમાં સહભાગી થનાર સહુ ઉપર પ્રભુના ઉત્તમ આશીર્વાદો ઉત્તરો એમ પ્રાર્થીએ છીએ. પૂ.મા. અને પરમ પૂજ્ય મહાત્મા શ્રીયોગેશ્વરજીએ હિન્દુધર્મ,

વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વના સંદેશાને દુનિયાભરમાં ફેલાવવા માં ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે. આપ સહુ ઉપર પ્રભુના આશીર્વાદ ઉત્તરો ને સહુને શાન્તિ થાઓ એજ પ્રાર્થના.

શાન્તિલાલ, રતિલાલભાઈ,
ડાહ્યાભાઇ વનમાલીભાઇ વગેરે
ડરબન, સાઉથ આફ્રીકા,

* * *

ન્યુયોર્કથી શ્રીવિનોદભાઇ પટેલનો ટેલિફોનથી શુભેચ્છા સંદેશો પણ મળ્યો છે.

આ ઉપરાંત, સુરતના શ્રીઅતિસુખલાલભાઇ શેઠ, વડોદરાના શ્રીચીમનભાઇ અમીન, અમદાવાદના ડૉ શ્રી જયાબેન દવે અને પાલનપુરના શ્રી.વી.ડી. હાથીએ પણ શુભેચ્છા સંદેશા મોકલ્યા છે.

* * *

સમારંભને સફળતા ઇચ્છીએ છીએ

કુમુદબેન. અરવિંદભાઇ
પ્રવિણાબેન, મુંબઇ

ઇશ્વર પ્રતિ અનન્ય ભક્તિ વિકસાવો. તમારું હૃદય સંપૂર્ણ રીતે એને સોંપી દો. કોઈ પણ સાંસારિક સંસ્કારને તમારા હૃદયમાં સ્થાન ન આપો. વાસનાઓને તમારા હૃદયમાં પેસવા પણ ન દેશો.



## પ.પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ નિમિત્તે મળેલ સહાય

અંબાજી ખાતે માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ખાતમુહૂર્ત તા. ૧૫/૮/૮૪ના રોજ થઈ ગયું છે ને હાલ કુવાનું કામ તેમજ પાયાઓનું ખોદકામ ચાલુ થયું છે. એકાદ વર્ષમાં વિશ્રામગૃહનું કામ પુરૂ થશે.

વિશ્રામગૃહ માટેનો આપનો ફાળો શ્રી બાબુભાઈ વોરા, સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯ ને મોકલવા વિનંતી છે.

છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.
૫૦૦૧ શ્રી રાવજીભાઇ મોહનભાઇ પટેલ, અમદાવાદ.
૫૦૦૧ ,, પુષ્પાબેન કુમુદચંદ્ર ત્રિવેદી, અમદાવાદ.
૧૦૦૧ ,, હરિશભાઇ કૉન્ટ્રેકટર, વિદ્યાનગર.
૧૦૦૧ ,, ચિમનલાલ શંકરદાસ. સોરઠિયા.
નાનીબેન ઠાકોરભાઇ સોરઠિયાના સ્મરણાર્થે
૧૦૦૧ ,, દેવેન્દ્ર ઠાકોરદાસ, સોરઠિયા ત્રિભોવનદાસના સ્મરણાર્થે
૧૦૦૦ ,, છગનલાલ ત્રિભોવનદાસ સોરઠિયા, સુરત.
૫૦૧ ,, હરિશ્ચંદ્ર હરજીવનદાસ જાની, મુંબઇ.
૫૦૧ ,, ડાહ્યાભાઇ ગોપાળજી વાળંદ, અમદાવાદ.
૫૦૧ ,, એમ. આર જોષી, પોરબંદર.
૫૦૧ ,, હેમલતાબેન બી. દેસાઈ સુરત.
૫૦૦ ,, હંસાબેન બી. પટેલ અમદાવાદ.
૨૫૧ પાર્વતીબેન સી છાટબાર, અમદાવાદ.
૨૦૧ પાણુનાથ અમરનાથ ભાટિયા, ડાંગ.

૨૦૦ ,, એક સત્સંગી બહેન
૧૦૧ ,, અરવિંદભાઈ શાહ.
૧૦૧ ,, રેવાદાસ
૧૦૧ ,, ગણેશ સેલ્સ કોર્પોરેશન
૧૦૧ શ્રી વિનુભાઈ છ. અમીન, વડોદરા.
૧૦૧ શ્રી જે.વી. શાહ, મુંબઈ
૧૦૧ શ્રી કસ્તુરબા મોનજી ગણાત્રા.
૧૦૦ શ્રી એન. બી. ત્રિવેદી, મોરબી.

આ ઉપરાંત દરેકના રૂા. ૫૧. નીચેના સભ્યો પાસેથી મળ્યા છે. ચંચળબેન ઇ. પંચાલ, શ્રીપ્રતાપભાઇ ત્રિવેદી, શ્રી ચેતનાબેન યાજ્ઞિક, શ્રીલાલભાઇ પટેલ, શ્રી લલિતાબા ગણાત્રા, રાજકોટ, શ્રીસરસ્વતીબેન બી. ત્રિવેદી, ખેડબ્રહ્મા, શ્રીમહેન્દ્રભાઈ ટી. વ્યાસ. દેવચંદભાઈ એલ. પટેલ. પાલનપુર

*

## પરદેશના આજીવન સભ્ય

અધ્યાત્મના નવા નોંધાયેલ પરદેશના આજીવન સભ્ય નીચે પ્રમાણે છેઃ-

નં ૭૦. The Hindu community centre, GARFIELD U.S.A. (શ્રીજીતુભાઇ ગાંધી મારફત) રૂા.૧૫૦૧

## ભારતના આજીવન સભ્યો

ભારતમાં, અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યોની યાદી નીચે પ્રમાણે છે.

૩૮૨ શ્રી હર્ષદભાઇ સી. કોન્ટ્રાકટર મુંબઇ. રૂા.૨૫૧.
૩૮૩ શ્રી બુધ્ધિસાગર વાડીલાલ સુખડિયા, ખંભાત. રૂા.૨૫૧



૩૮૪ શ્રી નરસિંહભાઇ બાબાભાઇ ભકત ધામણ. રૂા ૨૫૧
૩૮૫ શ્રી કપિલાબેન રશ્મિભાઈ શાહ, અમદાવાદ. રૂા.૨૫૧
૩૮૬ શ્રી તૃપ્તિબેન એન. વૈદ્ય, સુરત રૂા.૨૫૧
૩૮૭ શ્રી અનિલભાઇ જયંતીભાઇ પટેલ, સુરત રૂા.૨૫૧
૩૮૮ શ્રી રમણલાલ કાન્તિલાલ પટેલ, સુરત રૂા.૨૫૧
૩૮૯ શ્રી કિશોરભાઈ મંગુભાઇ પટેલ, સુરત, રૂા.૨૫૧
૩૯૦ ,, સંધ્યાબેન ત્રિવેદી, સુરત. રૂા ૨૫૧
૩૯૧ ,, જીતુભાઈ પરભુભાઇ કુંવરજી પટેલ, ઉભેળ રૂા.૨૫૧
૩૯૨ શ્રી મગનભાઇ ડાહ્યાભાઈ પટેલ. ઉભેળ. રૂા.૨૫૧
૩૯૩ શ્રી ઈશ્વરભાઇ એમ શાહ, એડવોકેટ પાલનપુર. રૂા.૨૫૧
૩૯૪ ,, ઉષાબહેન પ્રદીપકુમાર જોષી વડોદરા. રૂા.૨૫૧
૩૯૫ ,, રણછોડભાઇ મકનભાઇ દેસાઈ, રાજપરા. રૂા.૨૫૧
૩૯૬ ,, આચાર્ય આરાસુરી ગર્લ્સ હાઇસ્કૂલ, અંબાજી (રંજનબેન ઠાકર તરફથી) રૂા.૨૫૧
૩૯૭ ,, અરવિંદભાઇ કે. શાહ પાલનપુર. રૂા.૨૫૧
૩૯૮ ,, નગીનભાઇ ટી. રાવ. વડોદરા. રૂા.૨૫૧
,, કલ્પુબેન ગાંધીની પ્રેરણાથી
૩૯૯ ,, જ્યોતિર્મયી વિશ્રામગૃહ લાયબ્રેરી, અંબાજી રૂા.૨૫૧
,, પ્રભુભાઇ હળવદિયા તરફથી
૪૦૦ ,. મહેન્દ્ર ગોકળદાસ ભકત, સરઇ રૂા.૨૫૧
૪૦૧ ,, પદ્માબેન ત્રિવેદી, અમદાવાદ રૂા.૨૫૧
૪૦૨ ખેડબ્રહ્મા અંબામાતા ટ્રસ્ટ લાયબ્રેરી શ્રી રાજેન્દ્રભાઇ ભટ્ટ, તરફથી રૂા.૨૫૧
૪૦૩ શ્રી ચીમનભાઈ હ પટેલ, ભાવનગર. રૂા.૨૫૧

નોંધ ઉપરના સુરતના અને ઉભેળના મળી સાત આજીવન સભ્યો શ્રીરમેશભાઇ જગુભાઇ પટેલ, સુરતે નોંધેલ છે તેઓ ખરેખર અભિનંદનના અધિકારી છે.

# અભિનંદનના અધિકારી

અધ્યાત્મ માટે ગ્રાહકો નોંધવાની ઝુંબેશને યુવાન સાધક ભાઈ બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી છે તે સહુ તેમજ બીજાઓ-જેઓ આ ઝુંબેશમાં સહયોગ પ્રદાન કરી રહ્યા છે. તે બધા અભિનંદનના અધિકારી છે. તેઓનાં નામ નીચે પ્રમાણે છેઃ સુરતનાં શ્રી ગોરધનભાઇ પ્રજાપતિ, શ્રી સંધ્યાબેન ત્રિવેદી, શ્રી પ્રભાબેન જી. પટેલ અને છગનભાઈ સોરઠિયા, શ્રી હિમાંશુ પાઠક, અમદાવાદના શ્રી અરવિંદભાઇ ગણાત્રા, વડોદરાના શ્રી નિલેશ દવે, શ્રી લીલાબહેન કાકા, શ્રી ગાયત્રીબેન જોષી, અને હંસાબેન ટી. પટેલ ભરૂચના શ્રી જીતેન્દ્રભાઇ પારેખ, સરઇના શ્રી મહેન્દ્રભાઇ ભક્ત, મોરબીના ગોરધનભાઇ કલોલા, વલસાડના શ્રી પિનાકીનભાઇ જાની, સેગવાસાના રામભાઇ પટેલ, વગેરેએ દસ-દસ ગ્રાહકો નોંધી પોતાના સંકલ્પો પૂરા કર્યાં છે. અનસુયાબેન ભટ્ટ અને મમતાબેન ભાવિયાએ પણ ગ્રાહકો નોંધવામાં સારો પ્રયત્ન કર્યો છે.

સુરતના શ્રી રમેશભાઈ પટેલે દસમાંથી સાત જેટલા આજીવન સભ્યો અને ત્રણ વાર્ષિક સભ્યો નોંધી એક નિરાલી ભાત પાડી છે.

ભાવનગરના શ્રી વિપુલભાઇ ગોહિલે છેલ્લા એક માસમાં લગભગ ૫૦ જેટલા ગ્રાહકો નોંધી સુંદર કામગીરી બજાવી, ઉત્તમ ધગશ અને ભાવના બતાવી છે. એજ રીતે રાજકોટના શ્રી વિજયભાઇ કનેરિયાએ અત્યાર સુધીમાં વીસ ગ્રાહકો નોંધ્યા છે ને હજી તેમની ઝુંબેશ ચાલુ છે. શ્રી અતુલ કોન્ટ્રેક્ટરે પણ વીસ ગ્રાહકો નોંધી પોતાની પ્રગતિ જારી રાખી છે.



# સત્કર્મ અધ્યાત્મ જીવનનો પાયો

સંકલનઃ-હરિભાઈ ભોજાણી

માણસ જ્યાં પણ હોય ત્યાં રહીને એણે બનતું સત્કર્મ કરતા રહેવું જોઇએ, એમ સંત પુરુષો અને આપણાં શાસ્ત્રો કહે છે.

ઘણા માણસોને વિચાર થાય છે કે અમે કયાં સત્કર્મ કરવા જોઇએ! અમને ખબર પડતી નથી.

સાચી વાત છે. એકવાર સત્કર્મ શુ એની સ્પષ્ટ સમજ મનમાં ઠસી જાય પછી માણસને આ પ્રશ્ન મૂઝવતો નથી. સત્કર્મ વિષેની સમજ પાકી થઈ જવી જોઇએ.

સત્કર્મ એવું કર્મ છે જેમાં વ્યક્તિને પોતાને કઇ સ્વાર્થ ન હોય, અને જેમાં એક કે એકથી વધુ પશુ, પક્ષી કે માનવનું શારીરિક, માનસિક કે આત્મિક હિત સમાયેલું હોય, એટલે પરોપકારાર્થે સદ્ભાવથી, બદલાની કોઇપણ પ્રકારની અપેક્ષા વગર કરેલું કર્મ. આ કર્મ વાણી, મન, શરીર કે સંપત્તિ વડે થઇ શકે. એને માટે આપણે કયાંય દૂર જવાની જરૂર નથી. તમારા રોજીંદા સંસર્ગમાં આવતા કે સગાં સંબંધીઓમાં, શેરીમાં કે ગામમાં જે કોઇને મુશ્કેલી કે દુઃખ હોય, તેમની પ્રત્યે કરૂણા અનુકૃપા રાખી, તેમને બનતી રીતે ઉપયોગી થવાની વૃત્તિ, હમેશા આવકાર્ય છે.

સંતપુરુષોનું જીવન જોઈએ તો તેમના જીવનના વ્યહવારમાંથી આની પ્રેરણા સહજ રીતે આપણને પ્રાપ્ત થઇ શકે છે.

કોઈ દુઃખી માણસની વાતને સહાનુભૂતિપૂર્વક સાંભળી તેને આશ્વાસનના થોડા મીઠા શબ્દો કહેવા એ પણ એક પ્રકારનું સત્કર્મજ છે.

પડોશમાં વસતા કોઇ હીન દુઃખીને માંદગીમાં કે કોઇ જરૂરી પ્રસંગે, થોડી તનથી ને થોડી ધનથી મદદ કરવી એ એના માટે આશીર્વાદરૂપ બની જાય છે.

જે પુસ્તક, માસિક કે ગ્રંથમાંથી માણસને આત્મિક માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે, એના મનના સંશયો દૂર કરે, ને પ્રભુના માર્ગે આગળ ડગલાં ભરવા એને શકિતમાન કરે, એ શ્રેષ્ઠ કર્મ છે, કારણ કે એમાં માણસનું આત્મિક કલ્યાણ સમાયેલું છે. ગીતા, ભાગવત્ કે ઉપનિષદોના ગ્રંથો એટલા માટેજ માણસો ભેટમાં આપે છે.

ભૂખ્યાં પ્રાણી, પશુ, પક્ષીને અને માણસને અન્ન, તરસ્યા જીવોને પાણી, અપંગોને લાકડીનો ટેકો, વસ્ત્રહીનને વસ્ત્ર, ને રોજી શોધતા માણસને પગભર થવા માટે, સીધી કે આડકતરી સહાય,-વગેરે સત્કર્મોના જ પ્રકારો છે.

દરરોજ સવારે ઊઠી પ્રભુનું સ્મરણ, જપ, ધ્યાન, સ્તુતિ ધૂન કે સ્વાધ્યાય તેમજ દુઃખી જીવોનાં દુઃખો દૂર થાય તે માટેની પ્રભુને મંગલ પ્રાર્થના-એક પ્રકારનું સત્કર્મજ છે.

હવે વિચારી જુઓ કે સત્કર્મો તો અનેક સ્વરૂપે તમારી આસપાસ પડેલાં છે. તમને જે અનુકૂળ આવે તે કરો. કાંઇ નકરો તો કોઇપણ જીવને દુઃખ થાય, કોઈનું અહિત થાય એવું તો નાજ કરો.

જીવનમાં પોતાને માટેજ જીવવા કરતાં થોડું બીજાના ભલામાટે પણ જીવતાં શીખો. પછી જોશો કે આત્મિક શાંતિ તમને શોધતી આવે છે કે નહિ. પ્રસન્નતા તમને આપોઆપ પ્રાપ્ત થશે.

સમય જતાં તમે સાચા માનવ બની જશો.તમને મનુષ્ય જીવન પ્રાપ્ત થયાનો અર્થ સમજાશે ને તેની સફલતાનો સંતોષ અંતે પ્રાપ્ત થશે. આમ તમે જાણે અજાણ્યે અધ્યાત્મમાં પ્રતિષ્ઠિત થઇ જશો.

બધાં જ કર્મો ફળની આસકિત વગર કરો. આથી ચિત્ત શુદ્ધિ થશે, આત્મજ્ઞાન થશે અને તમે અખંડ આનંદ મેળવેશો. આ કર્મયોગીનો સિદ્ધાંત છે.

મે. ફેબવેલ એન્જીનીયરીંગ કોર્પો.
૨૫૮, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા-૧૦

કામના વગર સેવા કરો. તેના ફળને બદલે પવિત્રતા તથા આત્મબળનો અનુભવ કરો. તેનાથી તમારું હૃદય વિકસિત થશે. સતત અભ્યાસ કરો. અનુભવ કરો. આ અવસ્થાનો આનંદ લૂંટો.



મેસર્સ કેમીકયુપ ઇન્ડસ્ટ્રીઝ
૪૫૧/૨ જી. આઇ. ડી. સી એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા-૧૦

## થિયરી ઑફ ગ્રેવીટી અને સાપેક્ષવાદ

ઘણી સારી વાત ન્યૂટને કરી. થિયરી ઑફ ગ્રેવીટી, અને પછીથી પ્રોફેસર આઇનસ્ટાઇન થયા. મહાન વૈજ્ઞાનિક. એમણે વળી થિયરી ઑફ રીલેટીવીટી–સાપેક્ષવાદના સિદ્ધાંતની સ્થાપના કરી. ઉપર ને નીચે ને મધ્યમાં, આ બધા તો મનના ખેલ છે. મન આપણું બનાવે છે દેશ અને કાળનાં અંતરો. મન દ્વારા તૈયાર થાય છે. ખરેખર તો અનંતકાળ-માં કશું ઉપર નથી, કશું નીચે નથી. કોઇ પૂર્વ દિશા નથી, કોઈ પશ્ચિમ દિશા નથી. દિશાઓનાં નામો માનવો-એ આપેલાં–પોતાની વ્યાવહારિક સગવડને ખાતર.

—યોગેશ્વરજી
[અંતિમ પ્રવચનના શબ્દો]


With Best Compliments....

**GRAVITY SUITING**

**Sony Textile Industries**

16, Vyas Bhavan, 2nd Croos Lane,
Old Hanuman Gali, BOMBAY 400002

Phone : 251500


રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ફોન : ૨૮૧૭૨